Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

लक्ष्मीवान् स्वीयलक्ष्मीं विसृजतु परमौदार्ययुक्तः सुकार्ये
विद्यावान् स्वीयविद्यां वितरतु परमादादराद्वै सुशिष्ये ।
लक्ष्मीविद्याद्वयं तन्निवस्तु परमैक्येन सर्वेषु सत्सु
'आत्मानन्द प्रकाशाद्' भवतु सुखयुतो मर्त्यलोकोऽपिनाकः ॥१॥

पु. १८. | वीर सं. २४४६ आश्विन. आत्म सं. २५ | अंक ३ जो

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ શ્રી જીનવર સ્તુતિ ... | ... ૬૭ | ૬ એક સુચના ... ... | ૯૦ |
| ૨ વ્યભિચાર નિંદા ... | ... ૬૮ | ૭ ગ્રંથાવલોકન ... ... | ૯૦ |
| ૩ જૈન તીર્થ ભીમપલ્લી અને રામસૈન્ય | ૬૯ | ૮ પ્રકીર્ણ નોંધના સંબંધમાં ખુલાસો | ૯૧ |
| ૪ સહાનુભૂતિથી જીવન સાફલ્ય | ... ૮૧ | ૯ વર્તમાન સમાચાર ... | ... ૯૧ |
| ૫ આપણી ભાવી ઉન્નતિની દિશા (સમજીને આદરવાની જરૂર) | ... ૮૯ | ૧૦ આ સભાએ કરેલ ઠરાવો | ... ૯૨ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આત્માનંદ પ્રકાશના મુંબઇના ગ્રાહકોને નમ્ર સુચના.

પોસ્ટમેનની હડતાલ ચાલુ હોવાથી ભેટની બુક વી૦ પી૦ થી મોકલવામાં આવેલ નથી, જેથી તેનું સમાધાન થયે ભેટની બુક વી૦ પી૦ કરી મોકલવામાં આવશે જેથી મહેરબાની કરી તે સ્વીકારી લેશો.

---

### સતરમા વર્ષની અપૂર્વ ભેટ

## "શ્રી દેવભક્તિમાળા પ્રકરણ"

શ્રી આત્માનંદ પ્રકાસના ગ્રાહકોને સતરમા (ગયા) વર્ષની ઉપરોક્ત બુક ભેટ તરીકે આપવામાં આવી છે. માત્ર સાહિત્યનો ફેલાવો કરવા, જૈન બંધુઓને વાંચનનો બ્હોળો લાભ આપવા સખ્ત મોંઘવારી છતાં જેમ માસિકનું લવાજમ વધાર્યું નથી, તેમજ દશ ફોર્મની ભેટની બુક આપવાનો ધારો છતાં પચીશ ફારમના ભેટની બુક અમો જ માત્ર આપીયે છીયે, જે અમારા કદરદાન ગ્રાહકોની ધ્યાન બહાર નથી. ગયા વર્ષનું લવાજમ વસુલ કરવા સદરહુ બુક વી. પી. કરી અમારા સુજ્ઞ ગ્રાહકો ઉપર મોકલી હતી જેથી જે જે ગ્રાહકોએ સ્વીકારી લીધેલ છે તેમનો આભાર માનવામાં આવે છે અને આવા ઉત્તમ કાર્યને ઉત્તેજન આપવા ખાતર તેતે ગ્રાહક મહાશય બીજા નવા ગ્રાહકો વધારી આપવા તેમ જ વાંચનનો બ્હોળો લાભ અન્ય બંધુઓને આપવા તેવો પ્રયત્ન કરશે. એમ નમ્ર સુચના કરીયે છીયે.

કેટલાક પ્રમાદિ ગ્રાહકોએ વગર વિચારે વી. પી. પાછું મોકલ્યું છે જેથી તેમણે નકામું પોસ્ટેજનું તેમજ જ્ઞાન ખાતાને નુકસાન કર્યું છે જેથી તેઓ તે ફરી મંગાવી લેશે એવી વિનંતિ છે. ઉક્ત ગ્રંથની સિલિકમાં બહુ જ થોડી નકલો છે, જેથી વહેલા મોડું લવાજમ આપવું પડશે અને ભેટની બુક સીલીકમાં હશે તોજ મળશે; જેથી આટલી મોટી બુક જે કે માત્ર રૂ. ૧-૦-૦ કિંમતની છે તેનો જલદીથી લાભ લેશો અને જ્ઞાનખાતાના દેવામાંથી તેઓ મુક્ત થશે.

---

## જીવન-સુધારણાના સન્માર્ગો.

### પ્રત્યેક કુટુંબમાં અવશ્ય રાખવા અને વાંચવા લાયક અત્યુત્તમ લેખનો સંગ્રહ

### પ્રયોજક—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ.

જીવનમાં નવીન ઉત્સાહ રેડનાર, નવીન ચૈતન્ય જગાડનાર, અપૂર્વ આનંદ અને શક્તિ પ્રેરનાર તેમજ માનસિક શક્તિઓનો અજબ વિકાસ કરનાર ઉમદા સદ્‌વિચારોથી ભરપૂર આ પુસ્તક પ્રત્યેક સ્ત્રી પુરૂષને સ્વપરહિત સાધવામાં અમૂલ્ય સાહાય્ય આપનાર થઇ પડે તેમ છે. આમાં નિર્દિષ્ટ કરેલા સન્માર્ગો જાણી જીવનયાત્રા સફળ કરવા જરૂર મંગાવો. કિં. રૂા. ૧॥

મળવાનાં ઠેકાણાં:—

(૧) શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.<br>
(૨) જીવનલાલ અમરશી મહેતા<br>
પીરમશાહ રોડ—અમદાવાદ.

---

For Private And Personal Use Only

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १८ ] वीर संवत् २४४७ आश्विन आत्म संवत् २५. [ अंक ३ जो.

## श्री जिनवर स्तुति.

( હરિગીત )

આનંદ ભવિઓનાં હૃદે ઉપજાવતા જે સર્વદા,
નિજ આત્મ-ગુણ પ્રકટાવતા પ્રેમે પ્રબોધી પર્ષદા;
ભવની પીડાઓ ભાવથી ભવિજનતણી જે પરિહરે,
જીતારિ જીનવર તે જયંતા જગતમાં જયજય ધરે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વ્યભિચાર નિંદા.

રચનાર—રા. રા. ષડ્ગુણ.

( હરિગીત. )

ધન જાય કીર્તિ જાય છે વળી કુળ કલંકિત થાય છે,
બળ ક્ષીણ થાય અને વળી આયુષ્ય ઓછું થાય છે;
વિદ્યા અરે ! વિનયાદિ સર્વે ધૂળધાણી થાય છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવ દેહ એળે જાય છે. ૧
પગલાં ન ઈચ્છે ઘેર કો ધિક્ સજ્જનો મુખથી કહે,
સતીજનતણી દૃષ્ટિ વિષે નિત્ય ઝેર તેના પર રહે;
વ્યભિચારીનું મૃત્યુ ઘણું કરી વગર મોતે થાય છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ ........................................ ૨
નિજ નાર રૂપ ભંડાર પણ પરદારમાં આસક્ત જે,
તે સૂકર સમ ત્યજી અન્ન મીઠું દુષ્ટ વિષ્ટા ખાય છે;
તે ખ્વાર થાયે સર્વથા પણ ના હરામી છોડશે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ ........................................ ૩
નિજ દાર મીઠું ફળ ત્યજી જે પરદાર વિષફળ ખાય છે,
દુઃખી થઈ અહીં તેહ અન્તે નરકમાંહી જાય છે;
રોશે મૂકીને પોક જ્યારે દેવ પ્રશ્નો પૂછશે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ ........................................ ૪
પરદાર છે અંગાર તેને રત્ન કિંમતી ના ગણો,
ઝરનાર પુષ્પની માળ તેને કાળસર્પ નહિ ગણો;
પરદાર નરકનું દ્વાર તે આપદ્તણું આગાર છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ ........................................ ૫
વ્યભિચારી પુત્રતણો પિતા અગ્નિ વિના જ બળ્યા કરે,
તે પુત્રની માતા બિચારી લોકમાં શરમે મરે;
દુર્ભિક્ષમાંહિ લતા પેઠે પત્ની સદા સુકાય છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ ........................................ ૬
સત્કર્મ કરવા ઈન્દ્રિયો દેવે દીધી નરનારીને,
દુષ્કર્મ કરશે તે થકી તો કયમ દેવ નહિ કોપશે ?
સત્કર્મ કરી સ્વર્ગે જશો તો સૌખ્ય પુણ્ય સહુ આપશે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ ........................................ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન તીર્થ ભીમપલ્લી અને રામસૈન્ય.

( લેખક—મુનિ કલ્યાણવિજયજી. )

વિક્રમની ચૌદમી, પંદરમી અને સોલમી સદીમાં લખાયેલા ઘણાએક ગ્રન્થો અને શિલાલેખોમાં **ભીમપલ્લી** અને રામસૈન્યનો તીર્થ તરીકે અથવા પ્રાચીન નગર તરીકે ઉલ્લેખ થયેલો જોવામાં આવે છે. કેટલાંક સ્તોત્રો અને ચૈત્ય-પરિવાડિયોમાં આ બંને સ્થળોને તીર્થ ગણીને વંદન કર્યું છે. આ ઉપરથી એ વાત તો નિસ્સંદેહ છે કે 'ભીમપલ્લી' અને 'રામસૈન્ય' કોઈ પ્રાચીન જૈન તીર્થ છે, પણ તે કયા દેશમાં આવેલાં છે અને હાલમાં કયા નામથી ઓલખાય છે એ વાતની કોઈકને જ ખબર હશે.

## ભીમપલ્લી

ભીમપલ્લી નગર કે જે એક વખત ઘણી પ્રસિદ્ધિને પામેલ હતું, જેના નામથી '**ભીમપલ્લીય**' નામનો ગચ્છ નિકલ્યો હતો અને જેની પ્રાચીનતા અને સમૃદ્ધતાને સૂચવનારી હજી પણ અનેક દંતકથાઓ ત્યાંના નિવાસિયોના મુખ થકી ખેદ અને ગ્લાનિ પૂર્વક સાંભલીયે છીએ તે આજે એક ન્હાના ગામડાના રૂપમાં '**ભીલડી**' એ નામથી ઓળખાય છે.

**ભીલડી** ગામ પાલણપુર એજન્સીમાં **ડીસા-કેમ્પથી** લગભગ આઠ કોશને છેટે પશ્ચિમદિશામાં આવેલુ છે. ડીસા પાસે આવેલી બનાસ નદીને લીધે લોકોમાં આના વર્તમાન નામના સંબંધમાં એક એવી દંતકથા પ્રચલિત થયેલી છે કે શ્રેણિક રાજા પોતાના બાપથી રીસાઈને ઘરથી નિકળી પડી પરદેશ યાત્રા કરતો અત્રે આવ્યો હતો અને એક ભીલ કુમારીના પ્રેમમાં ફસી જઈ તેણીની સાથે પરણવાને તૈયાર થયો હતો, પણ પાછલથી તેને જણાયું કે ભીલડીની જોડે પરણીને પોતે એક અયોગ્ય કામ કરનારો ગણાશે. આ વિચારથી તેણે પરણવાનું માંડી વાળ્યું, પણ હૃદયમાં ઉગેલા પ્રેમની જડને તોડી શક્યો નહિં. છેવટે પોતાના પ્રેમને જીતનારી ભીલડીનો પ્રસંગ ચિરસ્મરણીય રાખવાના વિચારથી તે નગરને-કે જે તે પહેલાં '**ત્રંબાવતી**' ના નામથી ઓલખાતું હતું-'**ભીલડી**' એવું નામ અપાવીને ત્યાંથી વિદાય થયો.[1]

---

૧ શ્રેણિક ચરિત્રમાં એવી હકીકત આવે છે કે ઘરથી નિકલીને મુસાફરના વેશમાં ફરતો ફરતો શ્રેણિક **બેન્નાતટ** નગરમાં ગયો હતો. વિશેષ સંભવ છે કે આ હકીકત ઉપરથી જ **બનાસ** નદીની પાસે આવેલા **ભીમપલ્લી** નગરની સાથે શ્રેણિકના સંબંધ વાળી દંતકથા ઘડાઈ હશે.

For Private And Personal Use Only

ઉપર્યુક્ત દંતકથા ઇતિહાસની સાથે કોઇ પણ જાતનો સંબંધ રાખતી હોય એમ અમારૂં માનવું નથી. ભારતવર્ષમાં ઘણાં એક નગરો અને તીર્થોના સંબંધમાં જે પ્રકારની દંતકથાઓ જન્મ પામે છે તેજ પ્રકારની આ એક છે. આની પ્રકૃતમાં કંઇ પણ ઉપયોગિતા હોય તો તે એટલી જ કે **ભીમપલ્લીની** પ્રાચીનતા સૂચવનારૂં તે એક આડકતરૂં પ્રમાણ છે.

**ભીમપલ્લીનો** પ્રાચીન ઇતિહાસ કયાંઇ જોવામાં આવતો નથી અને તેથી તેની પ્રાચીન હકીકત જાણવાનું કઠિન થઇ પડે છે. અમો કહી નથી શકતા કે **ભીમપલ્લીની** સ્થાપના કયારે થઇ ? તેની જાહોજલાલી કયાં સુધી રહી ? અને તેની અનિષ્ટ દશા કયારથી બેઠી ? લોકો કહે છે કે **ભીલડી** એક સમૃદ્ધ નગર હતું, પણ અકાલ કાલકોપને લીધે તે અગ્નિથી બળીને ભસ્મીભૂત થઇ ગયું. સુભાગ્યે નગરનિવાસિયોને આ અકાલ ઘટનાની ખબર કોઇ એક મુનિએ પ્રથમથીજ જણાવી દીધી હતી તેથી લોકો ઘણે ભાગે જાનમાલ બચાવી શકયા હતા. લોકો એમ પણ કહે છે કે તે નિમિત્તજ્ઞ સાધુની કૃપાથી નગરનિવાસિયો પોતાના પ્રિયનગરનો ત્યાગ કરીને ઘણા કોશો દૂર જઇને એક નવું નગર વસાવીને રહ્યા જે નગર આજે **રાધનપુરના** નામથી ઓલખાય છે. ત્યાર પછી નિશ્ચિત દિવસે **ભીલડી** નગર બલીને રાખ થયું. આ કથનની સત્યતાના વિષયમાં એવું પ્રમાણ અપાય છે કે **ભીલડીમાં** જૂના વખતનું એક દેવીનું મંદિર છે, આ દેવી **રાધનપુરના** ઘણાંક કુળોની કુલદેવી છે અને હજી પણ લગ્ન વિગેરેના પ્રસંગોએ રાધનપુરી લોકો એ દેવીને ખાસ જુહારવા આવે છે. એથી **ભીમપલ્લીના** લોકોથી **રાધનપુર** વસ્યાની હકીકત સત્ય ઠરે છે.

ગામ બળી ગયાની સત્યતા લોકો એટલા ઉપરથી માને છે કે હજી પણ ગામમાં કે તેની આસપાસ ખોદતાં બે ત્રણ હાથના ઉંડાણમાંથી રાખનો થર નિકળે છે અને કેટલીક બળેલી ઇમારતો પણ નિકળે છે.

ઉપરની દંત કથામાં સત્યાંશ કેટલો હશે તે બતાવવાની વિશેષ ચેષ્ટા નહિં કરતાં અમો એટલું જ કહિશું કે ઉપરની દંતકથા કેવળ નિરાધાર નથી પણ, કોઇક ખરી ઘટના ઉપરથી જન્મેલી હોઇ ઐતિહાસિક સત્યતા દાખવનારી છે. આ ઐતિહાસિક સત્યની ઝાંખી કરાવનારો ઉલ્લેખ પંદરમી સદીના પ્રૌઢ વિદ્વાન આચાર્ય **મુનિસુંદરસૂરિની ગુર્વાવલી**માંથી પણ મળી આવે છે જે નીચે પ્રમાણે છે—

" श्रुतातिशायी पुरि भीम पल्ल्यां वर्षासु चाद्येपि हि कार्तिकेऽसौ ।
अगात् प्रतिक्रम्य विबुद्धच भावि भङ्गं परैरादश सूर्यबुद्धम् ॥ ६२ ॥ "

**ગુર્વાવલી પૃ. ૧૧**

**ભાવાર્થ**—' અતિશયવંત શ્રુત જ્ઞાનના ધારક તે( આચાર્ય **ધર્મઘોષના શિષ્ય શ્રીસોમપ્રભસૂરિ) ભીમપલ્લી** નગરીમાં ચોમાસું રહ્યા. આ ચાતુર્માસમાં બે કાર્તિક **માસ** હતા તેથી શાસ્ત્રના નિયમ પ્રમાણે બીજા કાર્તિક સુદિમાં ચોમાસી પ્રતિક્રમણ કરીને ચોમાસું સમાપ્ત કરવાનું હતું, પણ લગ્ન કુંડલીમાં બારમા ભુવનમાં પડેલા સૂર્યપરથી તેઓએ જાણ્યું કે થોડા જ વખતમાં આ નગરનો ભંગ થવાનો છે. આથી તેઓ પ્રથમ કાર્તિકમાં જ ચોમાસી પ્રતિક્રમણ કરીને ત્યાંથી વિહાર કરી ગયા.

આ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે કોઇપણ અકસ્માતથી **ભીમપલ્લી**નો નાશ થયો હતો અને દંતકથા પ્રમાણે તે અગ્નિથી થયો હોય તો અસંભવિત નથી.

**ગુર્વાવલી**ના પૂર્વોક્ત પદ્ય ઉપરથી એ વાત પણ સ્પષ્ટ થાય છે કે **ભીમપલ્લી**ની પડતી આચાર્ય **સોમપ્રભ**ના વખતમાં થઈ હતી, **સોમપ્રભસૂરિ** તપગચ્છીય આચાર્યશ્રી **ધર્મઘોષસૂરિ**ના પટ્ટધર હતા અને તેમનો સાધુત્વકાલ **ગુર્વાવલી**માં જણાવ્યા પ્રમાણે ૧૩૨૧થી ૧૩૭૩ સુધીનો હતો[1] એટલે ચોદમી સદીના લગભગ મધ્ય ભાગમાં **ભીમપલ્લી**નો નાશ થયો હશે. **ભીમપલ્લી**ના પ્રાચીન ખંડેરો, તેમાંથી નિકળતી ઇંટો અને બીજા પદાર્થો ઉપરથી એમ જણાય છે કે બારમી અને તેરમી સદીમાં **ભીમપલ્લી** નગરી સંપૂર્ણ જાહોજલાલી ભોગવતી હતી.

**ભીપલ્લી**માં ઘણી એક મ્હોટી તેમ જ ન્હાની પાષાણની પ્રાચીન જિનપ્રતિમાઓ છે, પણ કોઇના ઉપર લેખ જોવામાં આવતો નથી, આ ઉપરથી સહેજે અનુમાન થઇ શકે કે આ પ્રતિમાઓનો ઘણો ભાગ અગ્યારમી અથવા બારમી સદીનો હોવો જોઇએ, જ્યારે કે પ્રતિમા ઉપર લેખ લખવાની પદ્ધતિ લગભગ નહિં જેવી હતી. કેટલાક છુટા છવાયા લેખો ત્યાં દેખાય છે ખરા, પણ તે અર્વાચીન સમયના છે. હાલમાં ત્યાં મળતા લેખોમાં જુનામાં જુનો સં. ૧૨૧૫ની સાલનો એક ધાતુની પ્રતિમાનો લેખ છે, પણ આ પ્રતિમા **ભીપલ્લી**માં પ્રતિષ્ઠિત થવાની ખાતરી મળી શકે તેમ નથી. ત્યાંના લેખોમાં અર્વાચીનમાં અર્વાચીન ૧૩૫૮ ની સાલનો એક દેવતાની મૂર્તિનો લેખ છે, ત્યારપછી અઢારમી સદી સુધીમાં લખાયેલ એક પણ લેખ જોવાતો નથી. આ ઉપરથી એમ માનવાને કારણ મળે છે કે ચોદમી સદીના મધ્ય ભાગ સુધી તો **ભીમપલ્લી**માં ધાર્મિક પ્રવૃત્તિ થયા કરતી હતી, પણ ત્યાર પછી **ભીમપલ્લી** સદાની શાંત નિદ્રામાં સૂતેલી લાગે છે. આ પછી ઠેઠ પાંચસો વર્ષ પછી**ભીમપલ્લી**–હાલનું **ભીલડી**–ગામ કંઇક ઉજાગર દશામાં આવ્યું હોય એમ તે ગામમાં સં. ૧૮૯૨ માં થયેલી નેમિનાથની પ્રતિષ્ઠા ઉપરથી જણાય છે.

---

१ " दिग्विश्ववर्षे १३१० जननं कुपाणि–विश्वे १३२१ व्रतं प्राप्य रद्दत्रिचंद्रे १३३२।
पदप्रतिष्ठां च गुरुर्जगाम त्रिसप्तविश्वे च स देवधाम ॥ ६६ ॥–गुर्वावली पृष्ठ ६१.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વર્તમાન દશા.

પૂર્વે કહ્યું તેમ વર્તમાનમાં ભીમપલ્લી એક ન્હના ગામડાના રૂપમાં ભીલડીના નામે ઓળખાય છે. ભીલડીની દશા ખરે જ ભીલડીના જેવી છે. કેટલીક અન્ય વસતિની સાથે માત્ર પાંચ સાત ઘર શ્રાવકોનાં છે અને તે પણ સાધારણ સ્થિતિનાં. ગામમાં ધર્મશાળાની અંદર શ્રી નેમિનાથનું દેહરાસર છે જેની પ્રતિષ્ટા સં. ૧૮૯૨ની સાલમાં તપગચ્છના શ્રી પૂજ્યના હાથે થયેલી છે.

પશ્ચિમ તરફ ગામને છેડે એક વિશાલ ધર્મશાલા અને ભોંયરાવાળું એક મંદિર આવેલ છે. મંદિર નવીન છે, પણ તેની નીચેનું ભોયરૂં અસલના વખતનું છે. તીર્થનાયક પાર્શ્વનાથ જે 'ભીલડિયા પાર્શ્વનાથ' ના નામથી પ્રખ્યાત છે. તે આજ ભોંયરામાં મૂલનાયકને સ્થાને બિરાજે છે. આજુબાજુમાં નેમિનાથ વિગેરેની કેટલીક મૂર્ત્તિયો છે જે લગભગ સર્વે લેખ વગરની છે. મૂળનાયકને સમ્મુખ પુર્વ તરફ એક ગૌતમ સ્વામિની મૂર્તિ છે જેની પ્રતિષ્ઠા જિનપ્રબોધ સૂરિએ કર્યાનો લેખ છે.

ભીલડિયા પાર્શ્વનાથની આજુબાજુના ગામ નગરોમાં સારી પ્રખ્યાતિ છે. પ્રતિવર્ષ પોષ દશમીને દિવસે ત્યાં મેળો ભરાય છે જેમાં કેમ્પ, ડીસા, પાટણ વિગેરેથી હજારો યાત્રાળુઓ એકત્ર થાય છે. આ તીર્થનો વહીવટ ડીસા-ટાઉનનો સંઘ કરે છે. ડીસાના સંઘની દેખરેખ નીચે આવ્યા પછી આ તીર્થ સારી સ્થિતિમાં મૂકાણું છે. આ વાત જણાવતાં અમને આનંદ થાય છે. છેવટે ભાવિક જૈનોને આ તીર્થની યાત્રા કરવાની ભલામણ કરીયે છીયે.

## રામ સૈન્ય.

ભીમપલ્લીથી ઉત્તર દિશામાં બાર કોશ અને ડીસા-કેમ્પથી વાયવ્ય કોણમાં દશ કોશને છેટે પ્રાચીન જૈન તીર્થ 'રામસૈન્ય' આવેલું છે, જે હાલમાં 'રામસેણ' ના નામથી ઓળખાય છે.

રામસૈન્યની પ્રાચીનતા અને જાહોજલાલીને જણાવનારા શિલાલેખો મળી આવે છે. ગુર્વાવલીઓ અને ચૈત્યપરિવાડિયો પણ આની પ્રાચીનતા અને તીર્થ તરીકેની ખ્યાતિ આપણને જણાવે છે.

આચાર્ય મુનિસુંદરસૂરિ પોતાની ગુર્વાવલીમાં લખે છે કે 'આચાર્ય સર્વદેવ સૂરિએ વિક્રમ સં. ૧૦૧૦ ની સાલમાં રામસૈન્ય નામક નગરના રૂષભદેવના મંદિરમાં આઠમા તીર્થંકર શ્રીચંદ્રપ્રભના બિંબની વિધિપૂર્વક પ્રતિષ્ટા કરી' આ અર્થને જણાવનારૂં ગુર્વાવલીનું પદ્ય નીચે પ્રમાણે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" नृपाद्वयाग्रे शरदां सहस्रे यो रामसैन्याह्वपुरे चकार ।
नाभेयचैत्येष्टमतीर्थराज–बिम्बप्रतिष्ठां विधिवत् सदर्च्यः ॥ ९७ ॥ "

ગુર્વાવલી પૃ. ૧૪

આ ઉપરથી જણાશે કે એક હજાર અને દશની સાલમાં ચંદ્રપ્રભુની પ્રતિષ્ઠા થઇ તે પહેલાંનું ત્યાં ઋષભદેવનું મંદિર પ્રતિષ્ઠિત હતું.

રામસૈન્યમાં એક પ્રાચીન સમયનો ધાતુનો પરિકર નિકલેલ છે. તે પરિકર ઉપર વિક્રમ સં૦ ૧૦૮૪ ની સાલનો આર્યા છંદમાં રચેલો લેખ છે. લેખનો કેટલોક ભાગ ઘસાઈ જવાથી સ્પષ્ટ વંચાતો નથી, પણ જેટલો વંચાય છે તેનો અર્થ નીચે પ્રમાણે થાય છે.

' વર્તમાન શાસનના નાયક ભગવાન્ વર્ધમાન સ્વામિની શિષ્ય પરંપરામાં વજ્ર નામના આચાર્ય થયા કે જે વજ્રની ઉપમાને ધારણ કરનાર હતા. ॥ ૧ ॥

તેની શાખામાં (વજ્રી શાખામાં)........[૧]ચંદ્રકુલીન મહામહિમાવંત વટેશ્વર નામના આચાર્ય થયા ॥ ૨ ॥

તે વટેશ્વરથી થારાપદ્ર નગરના નામથી ' થારાપદ્ર ' નામક ગચ્છ ઉત્પન્ન થયો. જે સર્વ દિશાઓમાં ખ્યાતિ પામ્યો છે અને જેણે પોતાના નિર્મલ યશ વડે સર્વ દિશાઓને ઉજ્વલ કરી દીધી છે ॥ ૩ ॥

તે ગચ્છમાં ઘણાએક વિદ્વાન્ આચાર્યો ઉત્પન્ન થઇ દેવગત થયા પછી જ્યેષ્ઠાર્ય નામના આચાર્ય થયા. જ્યેષ્ઠાર્ય પછી શાંતિભદ્ર, શાંતિભદ્ર પછી સિદ્ધાંત મહોદધિ સર્વદેવ સૂરિ અને સર્વદેવની પછી શાલિભદ્રસૂરિ થયા ॥ ૪ ॥ '

આ પછીનો છઠી આર્યા અને સાતમો અનુષ્ટુપ એ બે પદ્યો બરાબર વંચાતાં નથી. છઠી આર્યાનો પ્રથમનો " શ્રી શાંતિભદ્રસૂરૈ વ્રતપતિ " આટલો ભાગ સ્પષ્ટ વંચાય છે. ત્યાર પછી બીજા પાદમાં " પૂર્ણભદ્ર " ત્રીજા પાદમાં " રઘુસેન " એ નામો વંચાય છે. સાતમા શ્લોકની આદિનાં ત્રણ અક્ષરો વંચાતાં નથી, બાકીનો શ્લોક નીચે પ્રમાણે વંચાય છે—

"………यदिदं बिंबं नाभिसूनोर्महात्मनः ।
लक्ष्म्याश्चंचलतां ज्ञात्वा जीवितव्यं विशेषतः ॥ "

૧ મૂલ લેખમાં આ સ્થલે " સ્થાનીયકુલોદ્ભૂતો " આવું કંઇક વંચાય છે, પણ વટેશ્વરને માટે " ચન્દ્રકુલોદ્ભવ " વિશેષણ જુદું લખેલ હોવાથી " સ્થાનીયકુલોદ્ભૂત " એ વિશેષણ કોને લાગુ પાડવું તે ગુંચવણ ભરેલું છે. આની જોડે જ " મહામહિમા " શબ્દ મૂકેલો છે, પણ તે " સ્થાનીયકુલોદ્ભૂત " નું વિશેષ્ય માનવાને કંઈ પણ આધાર નથી. વિચારક વર્ગને આ સ્થલ લક્ષ્યપૂર્વક જોવાની ભલામણ કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેવટે " મંગલં મહાશ્રીઃ ॥ સંવત ૧૦૮૪ ચૈત્રપૌર્ણમાસ્યામ્ ॥ " આટલો ગદ્યનો ફકરો લખી લેખની સમાપ્તિ જણાવી છે. કહેલા ખંડિત બે પદ્યોના અર્થનું પૂર્વની સાથે અનુસંધાન કરતાં એવું તાત્પર્ય સમજાય છે કે ઉપર જણાવેલ આચાર્ય શાંતિભદ્રના સમયમાં સં૦ ૧૦૮૪ ના ચૈત્ર શુદિ ૧૫ પૂર્ણિમાને દિવસે પૂર્ણભદ્રસૂરિએ ભગવાન્ શ્રી ઋષભદેવના બિંબની પ્રતિષ્ઠા કરી. છઠી આર્યાના ત્રીજા પાદમાં જે " રઘુસેન " નામ વંચાય છે તે પ્રતિષ્ઠા કરાવનાર ગૃહસ્થનું લાગે છે, અને તે ગૃહસ્થ રામસૈન્યનો રાજા હોવાની સંભાવના થાય છે, કારણ કે ઉપર જણાવેલા વર્ષમાં જ પ્રતિષ્ઠિત થયેલી એક ધાતુની ઉભી પ્રતિમાના લેખમાં " રઘુસેનીયરાજ્યે " આવો ઉલ્લેખ જોવામાં આવે છે.

ગુર્વાવલીકાર ૧૦૧૦ ના વર્ષમાં ઋષભદેવના ચૈત્યમાં ચંદ્રપ્રભની પ્રતિષ્ઠા થયાનું જણાવે છે, ત્યારે ઉપર્યુક્ત રામસૈન્યનો લેખ ૧૦૮૪ માં ઋષભદેવની પ્રતિષ્ઠા થયાની હકીકત પ્રકટ કરે છે. આ ઉપરથી બન્ને લેખોનો પરસ્પર વિરોધ માની લેવાનું સાહસ કરવું જોઇએ નહિ, કારણ કે ધાતુના પરિકરનો લેખ અને તેજ વર્ષના લેખવાલી કાયોત્સર્ગસ્થિત ધાતુની પ્રતિમા એમ સૂચવે છે કે સં. ૧૦૮૪ના વર્ષમાં પ્રતિષ્ઠિત થયેલી ઋષભદેવની પ્રતિમા ધાતુની હોવી જોઇયે અને તે પ્રમાણમાં અચલગઢના જિનમંદિરમાં બેઠેલી પ્રતિમા જેવડી મોટી.

મુનિસુંદરસૂરિ જે ઋષભદેવના ચૈત્યનો ઉલ્લેખ કરે છે તે આ પ્રતિમાવાલું નહિં, પણ આથી પ્રાચીન બીજું પાષાણની પ્રતિમાવાલું સમજવું જોઇયે અને તે ઘણું કરીને હાલનું ભોયરૂં અથવા તેને લગતું મંદિર હશે અને હાલમાં ભોયરામાં શાંતિપ્રકટાવતી ચાર જિન પ્રતિમાઓમાંની કોઇ એક પ્રતિમા ઋષભદેવની હોઇ પૂર્વે તેના મૂલ નાયકના સ્થાને બીરાજતી હશે.

આ બધું જોતાં એટલું તો ચોક્કસ થાય છે કે રામસૈન્ય એક પ્રાચીન તીર્થ છે. વિક્રમની અગ્યારમી સદીમાં ત્યાં પ્રભાવક આચાર્યોના હાથે અનેક પ્રતિષ્ઠાઓ થઇ હતી. તે વખત તો રામસૈન્યનો રાજા ' રઘુસેન ' પોતે જૈન હોઇ તીર્થંકરોના મંદિરો અને પ્રતિમાની સ્થાપના કરાવતો હતો. આવી રીતે રાજ્યાશ્રયને પામીને અગ્યારમી સદીનું રામસૈન્ય ધાર્મિક ઉન્નતિની ટોચે પહોંચ્યું હતું. હજી પણ જ્યાં ત્યાં ખોદકામ કરતાં પ્રાચીન પ્રતિમાઓ, મકાનોનાં ખંડેરો, મંદિરોના પત્થરો, કુવા વાવડિયોના દેખાવો અને સિક્કા વિગેરે પ્રાચીન ઉન્નતિનાં સ્મારકો ઘણી અજાયબી વચ્ચે પ્રગટ થઇ દેખનારના હૃદયને આકર્ષે છે અને સાથે જ નગરની પૂર્વકાલીન સમૃદ્ધિની સાથે આજની કંગાલિયત દશાનો મુકાબલો કરાવી વજ્રહૃદયી માનવના હૃદયને પણ પિગલાવી બે આંસુ સરાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વર્તમાન સ્થિતિ.

આપણે ઉપરની હકીકતથી જાણી શક્યા કે આજનું રામસેણુ ગામ એક સમયે સમૃદ્ધિશાલિ 'રામસૈન્યનગર' હતું, પણ હાલમાં એની કેવી સ્થિતિ છે તે પણ જણાવવાની જરૂર છે.

ગુજરાત અને મારવાડની સીમા ઉપર આવેલા આ ગામમાં આજે કેટલીક અન્ય વસતિની સાથે પંદર ઘર શ્રાવકોનાં બાકી રહ્યાં છે.

રામસેણુ એક વાઘેલા રાજપૂત ઠાકોરના તાબાનું ગામ છે કે જે ઠાકોરની પ્રશંસાનું આ સ્થળ ન હોવા છતાં પણ એટલું કહેવું પડે છે કે તે ભલા ઠાકોરના જેવા જાગીરદારો વિરલાજ હશે અને જિન મંદિરની તરફની તેની લાગણી ધરાવનારા તો ભાગ્યે કોઇ ખોળ્યા મળશે.

પશ્ચિમ તરફ ગામને છેડે ઘણાજ જુના વખતનું એક ભોંયરૂં છે અને તેમાં અખંડિત લગભગ ત્રણ ત્રણ ફીટના પ્રમાણવાલી પાષાણની સુંદર ચાર જિનપ્રતિમાઓ છે. આ પ્રતિમાઓ ઘણીજ પ્રાચીન છે. લાંછનો ઓલખાતાં નથી તેથી તે કયા કયા ભગવાનની છે તે કહેવું મુશ્કેલ છે. પ્રચલિત પરીક્ષા પ્રમાણે પ્રાચીનતાનાં ચિન્હો જોતાં તે સંપ્રતિરાજાના વખતની છે એમ કહેવામાં કંઇ વાંધો નથી, પણ અમો આ પરીક્ષા ખરી હોવાનો દાવો કરતા નથી, તેથી એટલુંજ કહી શકીયે કે હાલની પ્રતિમાઓ સંપ્રતિરાજાના વખતની ન હોય તો પણ તે અગ્યારમી સદી પછીની તો નથી જ.

કેટલાક વર્ષો પહેલાં એક ધાતુની કાયોત્સર્ગ સ્થિત મ્હોટી પ્રતિમા કોઈના ખેત્રમાંથી નિકળેલી, પણ ઠાકોરજીની મૂર્તિ જાણી શ્રાવકોએ લીધી નહિં તેથી રામજીના મંદિરમાં પધરાવવામાં આવી. આ પ્રતિમાને અમોએ નજરે જોયા પછી જિનપ્રતિમા હોવાનું જણાવી જૈન ભોંયરામાં પધરાવવાનો બંદોબસ્ત કરાવ્યો હતો.

એ સિવાય એક અંબિકાની મ્હોટી સુંદર મૂર્તિ, કેટલીક ધાતુની જિનપ્રતિમાઓ અને મંગલગ્રહ વિગેરેનાં કેટલાંક ત્રાંબાનાં યંત્રો પણ ભોંયરામાં જોનારનું ધ્યાન ખેંચે છે. આ સર્વ ચીજો જુદા જુદા અવસરે જમીનમાંથી નિકળેલી અને ભોંયરામાં પધરાવેલી છે.

ત્યાંના લોકોનો એવો દૃઢ વિશ્વાસ છે કે જિનમંદિરની પત્થર સુદ્ધાં કોઇ પણ ચીજ ઘરના કામમાં વાપરવાથી વાપરનારને તત્કાલ નુકસાન પહોંચે છે. આ વિશ્વાસના ખરાપણુ વિષેનાં અનેક દૃષ્ટાંતો ત્યાંના નિવાસિયોની જબાન પર નાચી રહ્યાં છે, જેમાંના એક બેનો અત્ર ઉલ્લેખ કરવો વાંચકોના વિનોદનું કારણ થઈ પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહે છે કે એક મ્હોટો પ્રાચીન જૈનમંદિરનો પત્થર ગામ બહાર રખડતો પડયો હતો, તેને લઈને એક કુવાવાળાએ ન્હાવા ધોવાને વાસ્તે પોતાના કુવા ઉપર મૂકી દીધો, આનું પરિણામ એ આવ્યું કે એકજ દિવસમાં કૂવો ઢસીને સમો તમો થઈ ગયો, આથી હેરાન થઇ લોકોએ તે પત્થરને ત્યાંથી દૂર કહાડી નાખ્યો.

તે જ પત્થરને કાલાંતરે કોઇ બીજા કુવાવાલો પોતાના કુવા ઉપર લઇ ગયો અને તેના પણ કુવાની તેવીજ દશા થઇ જેવી પહેલાની થઇ હતી.

એકવાર ત્યાંના ઠાકોરે જૈનમંદિરની રખડતી એક શિલા પોતાના મકાનના ઓટલા ઉપર બીડાવી, પણ રાત્રે એવો કોઇ અગમ્ય ચમત્કાર તેના જોવામાં આવ્યો કે બીજે દિવસે ઓટલો ખોદાવીને તે શિલા કહાડી નાખવી પડી.

એક વખત દેહરાના કોટની બહાર ઠાકોરની જમીનમાં ઉભેલું નિંબડાનું વૃક્ષ પવનના ઝપાટાથી ઉખડીને મંદિરના કંપાઉંડમાં જઈ પડયું. આ વૃક્ષ પોતાના તાબાની જમીનમાંનું હોવાથી ઠાકોર સાહેબે પોતાના કબજામાં લેઇ લીધું, પણ દૈવેચ્છાથી તેમને કોઈ અગમ્ય ભય લાગ્યો કે કાપ્યું કપાવ્યું તે ઝાડ ઠાકોરે પાછું દેરાસરમાં મોકલાવી દીધું. ઇત્યાદિ અનેક ચમત્કારિક વાતો રામસેણના લોકોના મુખથી સંભળાય છે. આ ચમત્કારોની સત્યતા વિષે વિવેચન કરવાનું આ સ્થલ નથી, પણ આ ચમત્કારોનું જે પરિણામ આવવું જોઇયે તે સંપૂર્ણ રીતે આવ્યું છે. ગામની સર્વ પ્રજાનો જિનમંદિર પ્રત્યે ભક્તિભાવ પ્રત્યક્ષ જોવાય છે. ગામના ઠાકોર સાહેબની પણ આ દેહરા તરફ ઘણી સહાનુભૂતિ છે. અને કોઇ જીર્ણોદ્ધાર કરાવનાર હોય તો તે માટે જોઇયે તેટલી જમીન મફત આપવાનું પોતે જણાવે છે. હું જ્યારે ત્યાં હતો ત્યારે પહેલે જ દિવસે એક મુસલમાન વ્હોરે આવીને દેહરાની ખરાબર સાર સંભાળ રાખવાના માટે શ્રાવકોને ઉપદેશ કરવાની મ્હને ભલામણ કરી હતી. આ દાખલાઓ ઉપરથી રામસેણના લોકોની જૈન મંદિર પ્રત્યેની પૂજ્યબુદ્ધિનું માન થઈ શકે તેમ છે.

હાલમાં જે ભોંયરામાં પ્રતિમા છે તે જીર્ણ થયેલું હોઇ સુધરાવવા યોગ્ય છે. ભોંયરા ઉપર ન્હાનું શિખરબંધ દેહરૂં બંધાવવાનું કામ થોડા વર્ષ પહેલાં આમના શ્રાવકોએ શરૂ કરાવ્યું હતું જે બે હજાર જેટલી રકમ ખર્ચાયા પછી દ્રવ્યના અભાવે બંધ પડયું છે.

ભોંયરાની આજુબાજુ જુના વખતનો કોટ છે જે કેટલેક ઠેકાણે–મુખ્યતયા દક્ષિણ તરફનો–પડીને જમીન દોસ્ત થયો છે અને તે ઠેકાણે હાલમાં કાંટાની વાડ કરવામાં આવી છે.

ઉપરના થોડાજ વિવરણથી વાંચકો સમજી શક્યા હશે કે રામસેણ તીર્થની વર્તમાન સ્થિતિ ઘણી ખરાબ છે.

ભોંયરાની મરામત, અપૂર્ણ શીખરની પૂર્ણતા અને નવા કોટને માટે હાલ તરત ઓછામાં ઓછી દસ હજાર રૂપીયાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આની ઉપયોગીતાનો ઉપદેશ કરતાં તે વેળાએ **ડીસા-કેમ્પના** સંઘે આ કામ ઉપાડી લેવાની હિમ્મત દેખાડી હતી અને તે માટે ટીપ પણ શરૂ કરી દીધી હતી, જેમાં કેમ્પ અને **રાજપુર** વિગેરેની મળી લગભગ રૂા. ૨૦૦૦ ) ની રકમ તેજ વખતે લખાઇ ગઇ હતી અને શેઠ **આણંદજી** કલ્યાણજીની પેઢી તરફથી યોગ્ય મદદ મળતાં કાર્ય શરૂ કરવાનો વિચાર રાખ્યો હતો. આ માટે **ડીસા** કેમ્પના સંઘનું એક ડેપ્યુટેશન **આણંદજી** કલ્યાણજીની પેઢીની મુલાકાતે ગયું અને યોગ્ય મદદની માગણી કરી, પણ પેઢી તરફથી ઉત્તર મળ્યો કે આવતી જનરલ મિટીંગમાં આનો વિચાર થશે. છેવટે જનરલ મીટીંગે થઇ અને બીજી પણ કેટલીયે મીટીંગો ભરાઇ ગઇ; પણ સાડા ત્રણ વર્ષ સુધી ડીસા-કેમ્પના સંઘની માગણીનો કંઇ પણ ઉત્તર મળ્યો નહિં. આ પ્રમાણે મદદના અભાવે અને કાર્ય ઉપાડનાર સંઘના પ્રમાદના પરિણામે **રામસૈન્ય** તીર્થના જીર્ણોદ્ધારનું કાર્ય રખડયું.

હવણાં મ્હારા જાણવામાં આવ્યું છે કે **રામસેણ** ના જીર્ણોદ્ધાર માટે એક હજારની રકમ આપવાનો ઉક્ત પેઢીએ નિર્ણય કર્યો છે અને તે રકમ લેઇ જવા માટે **ડીસા-કેમ્પ**ના સંઘને પેઢી તરફથી હાલમાંજ ખબર અપાઇ છે.

આ પ્રસંગે મ્હારે **ડીસા-કેમ્પ**ના સંઘને ઉદ્દેશીને બે બોલ કહેવાની જરૂર જણાય છે કે તેણે જે ઉત્સાહથી આ તીર્થના ઉદ્ધારનું કામ માથે લીધું હતું તેજ ઉત્સાહથી હવે શરૂ કરી દેવું જોઇએ. એ કહેવાની જરૂર નથી કે આ કામને માટે હજી છ સાત હજારની જરૂર છે, પણ મ્હને વિશ્વાસ છે કે આ કામને માટે ઉક્ત સંઘ જો થોડી પણ મહેનત કરશે તો તેટલી રકમ વગર મુશ્કેલીએ મેળવી શકશે.

**શેઠ આણંદજી** કલ્યાણજીની પેઢીને પણ મ્હારી નમ્ર ભલામણ છે કે જો આ કાર્યને માટે ડીસા કેમ્પનો સંઘ પોતાની અશક્તિ જ બતાવે તો તાકીદે આ કામ પેઢીએ પોતાના હાથમાં લઇ નામ શેષ થતા પ્રાચીન જૈન તીર્થનો ઉદ્ધાર કરી પોતાની ફરજ અદા કરવી જોઇએ.

**ભીમપલ્લી** અને **રામસૈન્ય** તીર્થના સંબંધમાં જુનો અને નવો જે કંઇ ઇતિહાસ અમારા જાણવામાં હતો તે સંક્ષેપમાં ઉપર જણાવી દીધો છે. આશા છે કે નવીન મંદિર કરાવવા કરતાં જીર્ણનો ઉદ્ધાર કરવામાં આઠ ગણું ફલ બતાવનાર અને માનનાર વૈરાગી અને ગૃહસ્થ વાચકો ઉપર્યુક્ત બન્ને તીર્થોને વિષે પણ તે ઉપદેશને લાગુ પાડશે. તથાસ્તુ.

**રામપુરા. ( ભંકોડા )**

મુનિ કલ્યાણવિજય.

તા. ૧૧-૮-૧૯૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## परिशिष्ट अ.

# भीमपल्लीय गच्छ संबंधी लेखो[1]—

१ सं० १५०६ वर्षे वैशाख शु. १२ गुरौ गुर्जर ज्ञा० दो० **गोपाल** भा० **साई** पितृमातृश्रेयसे सुत **धर्मासायराभ्यां** श्रीशीतलनाथबिम्बं का० **श्रीपूर्णिमापक्षे भीमपल्लीय** भ० **श्रीजयचंद्रसूरीणामुपदेशेन** प्र० ॥

२ सं० १५०७ वर्षे वैशाख शुदि १० बुधे श्रीश्रीमाल ज्ञातीय व्य० **सोम** भा० **गुंहवदे** पुत्र **सुरा** भा० **सुहागदे** पितृमातृश्रेयसे सु० **पांचाकेन** श्रीसंभव-मुख्य पंचतीर्थी का० **पूर्णिमापक्षे श्रीभीमपल्लीय श्रीपासचंदसूरिपट्टे** भ० **श्रीजय-चंद्रसूरीणामुपदेशेन** प्र० विधिना ॥

३ सं १५३६ वर्षे माहवदि ७ सोमे श्रीश्रीमालज्ञातीय मं० **माडण** भा० **माल्हणदे** सुत मं० **भाषर** भा० **करमी** पित्रोः श्रेयसे पुत्र मं० **देवसीकेन** श्रीवि-मलनाथबिंबं का० **श्रीपूर्णिमागच्छे** भीमपल्लीय भ० **श्रीभावचंद्रसूरिपट्टे** भ० **श्री चारित्रचंद्रसूरीणामुपदेशेन** प्रति **पाडला** ग्रामवास्तव्य ॥

४ सं० १५७८ वर्षे माघवदि ९ सोमे श्रीश्रीमाल ज्ञा० मं० **नारद** भा० **रंगी** पु० मं० **वरजांगेन** भा० **जीवु** पु० मं० **कान्ह** मं० **मेघराजादिसमस्त** कुटुंबयुतेन **काकरवास्तव्या** धर्मभगिनी श्रा० **मांजूश्रेयसे** श्रीविमलनाथबिंबं का० **श्रीपूर्णिमापक्षे भीमपल्लीय** भ० **श्रीचारित्रचंद्रसूरिपट्टे** भ० **श्रीमुनिचंद्रसूरीणामुप-पदेशेन** प्र० **पत्तनवा०** ॥

५ स्वस्तिश्रीः । संवत् १५९८ वर्षे पौषवदि १ सोमे श्रीउकेशवंशे व्यव० **परवत** भा० **फदकू** सत्पुत्र व्य० **जयता** भा० **अहिवदे** पु० व्य० **श्रीपाल**परि-वारेण सो (स्वो) क्तवित्तेन कर्मनिर्जरार्थं स्वाप्तपरिवारश्रेयोर्थं श्रीपार्श्वनाथबिंबं का०

---

१ આ લેખોમાં કેવળ **'ભીમપલ્લીય'** શબ્દનો જ ઉલ્લેખ છે. 'ગચ્છ' શબ્દ લખવામાં આવ્યો નથી, ગચ્છ તરીકે 'પૂર્ણિમાપક્ષ' અને 'પૂર્ણિમાગચ્છ' શબ્દો લખાયા છે. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે **'ભીમપલ્લીય ગચ્છ'** પૌર્ણમિક ગચ્છની જ એક શાખા છે; તથાપિ શાખાને સ્વતંત્ર ગચ્છ તરીકે ઉલ્લેખવાની પુરાણી રૂઢીને અનુસરીને અમોએ આ સ્થાનકે **'ભીમપલ્લીય'** શબ્દની સાથે 'ગચ્છ' શબ્દ જોડ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रति० श्रीपूर्णिमापक्षे भीमपल्लीय भ० श्रीमुनिचंद्रसूरिपट्टे श्रीविनयचन्द्रसूरीणामुप-देशेनेति भद्रं ॥*

## परिशिष्ट ब.

# भीमपल्ली ( भीलडिया ) तीर्थना लेखो—

१ संवत् १२१५ वर्षे वैशाख शुदि ९ दिने श्रे० तिहुणसर ( ? ) भार्या झांसी श्रेयोर्थ रतमा (ना) केन श्री शांतिनाथबिंबं कारितं प्रतिष्ठितं न–ति–गच्छीय श्री····( वर्द्धमान ? ) सूरिशिष्यै श्री रत्नाकरसूरिभिः । [१]

२ संवत् १३२४ वैशाख वदि ५ बुधे श्री गौतमस्वामिमूर्त्तिः श्री जिनेश्वरसूरिशिष्य श्री जिनप्रबोधसूरिभिः प्रतिष्ठिता कारिता च सा····पुत्र सरिवड़-जनेन मूलदेवादिभ्रातृसहितेन स्वश्रेयोर्थं कुटुंबश्रेयोर्थं च । [२]

३ सं० १३४४ वर्षे ज्येष्ट शुदि १० बुधे श्रे० लखमसिंहेन अंबिका कारिता । [३]

४ सं० १३४४ वर्षे ज्येष्ट शुदि १० श्रे० लखमसिंहेन कारितः । [४]

५ सं० १३५१ वर्षे गूजरज्ञातीय ठ० खीमासुतया ठ० लक्ष्मीकुक्षिसंभूतया बाई हीरलया आत्मश्रेयसे श्रीपार्श्वनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीसू ( न ? ) रेश्वर-सूरिभिः । शुभं भवतु । [५]

६ संवत १३५८ वर्षे आश्विन वदि १५ सोमे श्रीमालज्ञातीय श्रेष्ठि सोभण सुत समराकेन मूर्तिः कारापिता । [६]

---

* ઉપરના પાંચે લેખો શ્રીબુદ્ધિસાગરસૂરિ સંગ્રહીત 'જૈન ધાતુપ્રતિમા લેખ સંગ્રહ' ભાગ ૧ લા માં અનુક્રમે નંબર ૩૦૯–૧૧૩–૩૪૪–૩૮૫–૩૮૩ તરીકે છપાયેલ છે.

૧ આ લેખ ભીલડિયાના દેહરામાં રહેલી એક ધાતુની પ્રતિમા ઉપર છે.

૨ આ લેખ ભોંયરાની અંદર એક આલામાં બેઠેલી ગૌતમ સ્વામિની પ્રતિમાને નીચે છે.

૩–૪ આ બન્ને લેખો જમીનમાંથી નીકળેલ અને હાલ ગામમાં નમિનાથના મંદિરમાં રહેલી અંબિકાની અને એક દેવની મૂર્તિ નીચે કોતરેલા છે.

૫ આ લેખ પણ ભીલડિયાના મંદિરમાંની એક ધાતુની પ્રતિમા ઉપર છે.

૬ ધર્મશાળાની દક્ષિણ ભીત પાસેના શિવમંદિરની ભીતમાં જડેલા એક પત્થર ઉપર કોઈક દેવતાની ન્હાની મૂર્તિ છે અને તેની નીચે આ લેખ કોતરેલો છે. આ લેખ જૈન હોવાની અમને શંકા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## परिशिष्ट क.

# रामसैन्यतीर्थना लेखो—

१ अनुवर्तमानतीर्थ–प्रणायकाद् वर्धमानजिनवृषभात् ।
शिष्यक्रमानुयातो जातो वज्रस्तदुपमानः ॥
तच्छाखायां जात स्थानीयकुलोद्भूतो (द्भवो) महामहिमा।
चद्रकुलोद्भवस्तत (तो) वटेश्वराख्यः क्रम–बलः ॥
थारापद्रोद्भूतस्तस्माद् गच्छोत्र सर्वदिक्ख्यातः ।
सुद्धा–यसो (शुद्धाच्छयशो) निकरैर्धवलितदिक्चक्रवालोस्ति ॥
तस्मिन् भूरिषु सूरिषु देवत्वमुपागतेषु विद्वत्सु ।
जातो ज्येष्ठार्यायस्तस्मात् श्रीशांतिभद्राख्यः ॥
तस्माच्च सर्वदेवः सिद्धांतमहोदधिः सदागाहः ।
तस्माच्च शालिभद्रो भद्रनिधिर्गच्छगतबुद्धिः ॥
श्रीशांतिभद्रसूरौ प्रतपति जा— —पूर्णभद्राख्यः ।
रघुसेना—स्ति— — — — — बुद्धीन् ॥
— — —प(य?) दिदं बिंबं नाभिसूनोर्महात्मनः ।
लक्ष्म्याश्चंचलतां ज्ञात्वा जीवितव्यं विशेषतः ॥
मंगलं महाश्रीः ॥ संवत् १०८४ चैत्रपौर्णमास्याम् ॥[1]

२ श्रीथीरापद्रीयगच्छे रघुसेनीयराज्ये सं० १०८........[2]

३ संवत् १२८६ वर्षे वैशाख शुदि १० गुरौ श्रे० राजा धनाकयोः सुत केल्हणेन भ्रातृ श्रेयोर्थं प्रतिमा कारिता प्रतिष्ठिता पं० पूर्णकलसेन ॥[3]

---

૧ આ પ્રશસ્તિ જતીનમાંથી નિકળેલ અને હાલમાં રામસૈન્યના જિનમંદિરના કોટની અંદર પડેલા ધાતુના એક મ્હોટા પરિકર ઉપર લખેલી છે.

૨ આ લેખ ખેત્રમાંથી નિકળેલા ધાતુના મ્હોટા કાઉસગ્ગિયાના પગની પાસે લખેલો છે. લેખનો છેલ્લો કેટલોક ભાગ ત્રુટિ ગયો છે. સં. ૧૦૮૪ માંથી ચોગડો ઉડી ગયો જણાય છે તેથી હાલ સં. ૧૦૮ વંચાય છે.

૩ આ લેખ વગડામાંથી નિકળેલ એક ન્હાની ધાતુની પ્રતિમાની પછવાડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સહાનુભૂતિથી જીવન–સાફલ્ય.

વીઠલદાસ મુળચંદ શાહ, બી. એ.

"તમે તમારા પોતાના આત્માનો તિવ્ર દૃષ્ટિથી વિચાર કરો, પરન્તુ જ્યારે તમે બીજા લોકો તરફ જુઓ ત્યારે અનુકમ્પાયુક્ત દૃષ્ટિથી જુઓ. સાધારણ મનુષ્યેના મુખમાંથી અપશબ્દો નીકળે છે તેવા તમે કદીપણ ન બોલો."

ઇલા વ્હીલર વિલકાકસ.

"તમારી પીડા કેવી છે એમ હું પીડિત મનુષ્યોને પૂછતો નથી, પરંતુ તેઓની પીડા જોઇને હું પોતે પીડિત બની જાઉં છું અને પીડાનો અનુભવ કરવા લાગું છું"

વાલ્ટ વ્હાઇટ મેન.

જેટલું આત્મ–દમન આપણે પ્રાપ્ત કરી લીધું હોય છે તેટલા પ્રમાણમાં આપણે બીજા લોકો તરફ સહાનુભૂતિ દર્શાવી શકીએ છીએ. જ્યાંસુધી આપણે પોતાની જાત ઉપર દયા કરીએ છીએ અને પોતાની તરફજ સહાનુભૂતિ દર્શાવીએ છીએ ત્યાંસુધી આપણે બીજાનો વિચાર કરી શકતા નથી. જો આપણે આપણી પોતાની પ્રશંસા, રક્ષા અને સંમતિનો વિચાર કર્યા કરીએ છીએ તો આપણે બીજાની સાથે પ્રેમમય વ્યવહાર કરી શકતા નથી. બીજાનો વિચાર કરવો અને પોતાની જાતનો વિચાર ભૂલી જવો તેને સહાનુભૂતિ કહેવામાં આવે છે.

અન્ય મનુષ્યો તરફ સહાનુભૂતિ દર્શાવવા માટે પહેલાં આપણે તેઓની સ્થિતિ સમજવી જોઇએ અને તેઓની સ્થિતિ સમજવા માટે તેઓના સંબંધમાં પ્રથમથી ખરાબ વિચારો બાંધી લેવા જોઇએ નહિ--જેવા તેઓ હોય છે તેવાજ તેઓને જોવા જોઇએ. આપણે બીજા લોકોની આંતરિક સ્થિતિની અંદર પ્રવેશ કરવો જોઇએ અને તેઓને નેત્રો વડે જોઇને તથા તેઓના અનુભવના અનુક્રમને સમજીને તેઓની જેવા બની જવું જોઇએ; પરંતુ એટલું તો નિ:સંદેહ છે કે જેઓની બુદ્ધિ અને અનુભવ આપણાં કરતાં ચઢીયાતા છે અને તેમજ જેઓ કરતાં આપણે આપણી જાતને ઉન્નત અને ઉચ્ચ માનીએ છીએ તેવા લોકોની સાથે આપણે ઉક્ત પ્રકારનો વ્યવહાર કરી શકતા નથી; કેમકે સહાનુભૂતિ અને સ્વાર્થ એક સ્થાન પર સ્થિર રહી શકતા નથી; પરંતુ આપણે આપણી જાતને જે પાપો અને કલેશોમાંથી સફલતા પૂર્વક મુક્ત કરી લીધી છે તેવા પાપો અને કલેશોમાં જેઓ ફસાએલા છે તેઓની તરફ આપણે સહાનુભૂતિ દર્શાવી શકીએ છીએ. જે પુરૂષની મહત્તા આપણા કરતાં વધારે હોય છે તેને આપણે આપણી સહાનુભૂતિની છાયાથી ઢાંકી શકતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, પરંતુ આપણે તેઓની સાથે એવી રીતે વર્તી શકીએ કે જેથી આપણે તેઓની મહત્તરા સહાનુભૂતિનો લાભ લઇ શકીએ અને જે પાપો તથા દુઃખોમાં આપણે ફસાયલા હોઇએ તેમાંથી આપણે મુક્ત થઇ શકીએ.

પક્ષપાત અને દુષ્કામનાઓ સહાનુભૂતિના માર્ગમાં મહાન અંતરાય રૂપ છે અને અંહકાર સહાનુભૂતિ ગ્રહણ કરવામાં બાધા કારક થઇ પડે છે. જે મનુષ્યને માટે તમારા મનમાં પ્રથમથીજ તિરસ્કાર હોય છે તેની સાથે તમે સહાનુભૂતિ રાખી શકતા નથી. વળી જેને માટે તમારા મનમાં પ્રથમથીજ દ્વેષની લાગણી ઉત્પન્ન થઇ હોય છે તે મનુષ્ય તમારી સાથે સહાનુભૂતિથી વર્તે એમ તમે ઇચ્છતા નથી. જે મનુષ્ય તરફ તમને તિરસ્કાર હોય છે તેમજ જેના પ્રતિ તમે તમારી પાશવબુદ્ધિથી ઇર્ષ્યા રાખો છો તેનું જીવન તમારા સમજવામાં આવી શકતું નથી; પરંતુ તમે તેને માટે તમારા હૃદયમાં જેવા અપૂર્ણ અને અપકવ વિચારો બાંધ્યા હોય છે તે અનુસાર તેનું જીવન તમારા સમજવામાં આવી શકે છે. તમારી પોતાની અશુદ્ધ અને કારણ શૂન્ય સમ્મતિને લઇને તમને કેવળ તેની બુરાઇ દષ્ટિગત થઇ શકે છે અને ભલાઈ દષ્ટિગત થઇ શકતી નથી.

જો તમારે બીજા લોકોના જીવનને યથાર્થતઃ સમજવું હોય તો તમારે તેની તથા તમારી વચ્ચે રૂચિ વા અરૂચિ, પક્ષપાત અને સ્વાર્થી વાસનાઓને આવવા દેવી જોઇએ નહિ, તમારે તેના કાર્યોનો વિરોધ ન કરવો જોઇએ અને તમારે તેના વિચારોને દૂષિત ઠરાવવા જોઇએ નહિ. અલ્પ સમય પર્યંત તમે તમારી જાતને પૃથક્ રાખીને તેની સ્થિતિનો યથાર્થ અભ્યાસ કરો. માત્ર આ રીતે તમે તેના મિત્ર બનીને તેના જીવન તથા અનુભવને પૂર્ણતાથી સમજી શકશો અને જ્યારે તે સમજી લેશે ત્યારે પછી તમે કદીપણ તેને નિન્દિત અને દૂષિત ઠરાવશો નહિ. મનુષ્યો એક બીજાને દૂષિત અને અપરાધી બનાવવાથી એક બીજાને યથાર્થ રીતે સમજી શકતા નથી. જ્યાંસુધી તેઓ પોતાની જાત ઉપર વિજય પ્રાપ્ત કરી લેતાં નથી અને પોતાની જાતને શુદ્ધ બનાવતા નથી ત્યાંસુધી તેઓ સમજી પણ કેવી રીતે શકે ?

વૃદ્ધિ, પરિપકવતા અને વિસ્તારનેજ 'જીવન' કહેવામાં આવે છે અને એક રીતે જોતાં તો પાપાત્મા અને પુણ્યાત્માની વચ્ચે વિશેષ ભેદ નથી, પરંતુ ફક્ત શ્રેણી અને ક્રમનોજ ભેદ રહેલો છે. પુણ્યાત્મા મનુષ્ય કોઇ વખતે પણ પાપાત્મા હશે અને પાપાત્મા મનુષ્ય ભવિષ્યમાં પુણ્યાત્મા બની જશે. પાપાત્મા મનુષ્ય એક બાળક સમાન છે અને પુણ્યાત્મા વૃદ્ધ સમાન છે. જે મનુષ્ય પાપાત્મા મનુષ્યોને દુષ્ટ માનીને તેનાથી પોતાની જાતને પૃથક્ રાખે છે તે એવા માણસની જેવો છે કે બાળકોને નિર્બોધ, અનાજ્ઞાકારી અને રમત રમનારા માનીને તેઓથી દૂર રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવન સમાન હોવા છતાં દેખાવમાં કંઇક ભેદ માલુમ પડે છે. પુષ્પો વૃક્ષથી પૃથક્ પદાર્થ નથી, પણ વૃક્ષનાજ અંગભૂત છે. તેવીજ રીતે પુણ્યાત્મા મનુષ્ય એક પરિપકવ અને પરિણુત છે. પાપાત્મા મનુષ્ય એ છે કે જેની બુદ્ધિ અપરિપકવ છે અને જે અજ્ઞાનતા વશ થઇ અશુદ્ધ કાર્ય પ્રણાલીકામાં રૂચિ રાખે છે. પુણ્યાત્મા મનુષ્ય એ છે કે જેની બુદ્ધિ પરિપકવ છે અને જેની કાર્ય પ્રણાલીકા શુદ્ધ અને સત્ય છે. એક પાપાત્મા મનુષ્ય બીજા પાપાત્મા મનુષ્યને દૂષિત બનાવે છે, કારણ કે તે કાર્યની અશુદ્ધ પ્રણાલીકા છે. પુણ્યાત્મા મનુષ્ય પાપી મનુષ્યને દૂષિત ઠરાવતો નથી, કેમકે તેને એ વાતનું સ્મરણ રહે છે કે " એક વાર હું પોતે પણ એ દશામાં હતો." તેથી તેને પોતાનો લઘુભ્રાતા અથવા મિત્ર સમજી ને તેની સાથે ગભીર સહાનુભૂતિ રાખે છે, કારણ કે સહાનુભૂતિ રાખવી તે કાર્યની શુદ્ધ અને ઉજ્જ્વલ પ્રણાલિકા છે.

જે પરિપકવ મહાત્મા સર્વની સાથે સહનુભૂતિ રાખે છે તેને બીજાની સહાનુભૂતિની અપેક્ષા હોતી નથી; કેમકે તેણે પાપ અને કલેશ ઉપર જીત મેળવી છે અને તે સર્વદા આનંદમાંજ મગ્ન રહે છે. પરંતુ જે કિલષ્ટ હોય છે તેને સહાનુભૂતિની પરમ આવશ્યકતા છે અને જે પાપિષ્ટ હોય છે તેજ કિલષ્ટ હોય છે. જ્યારે મનુષ્ય એમ સમજવા લાગે છે કે પ્રત્યેક માનસિક વા કાયિક પાપને લઇને તે અવશ્ય કલેશ પ્રાપ્ત કરશે, ત્યારે તે બીજા લોકો ઉપર દોષારોપ કરવાનું ત્યજી દે છે અને પાપથી ઉત્પન્ન થયેલું તેઓ કલેશમય જીવન જોઇને તે તેઓની સાથે સહાનુભૂતિ રાખવાનો આરંભ કરે છે. જ્યારે તમે તમારી પોતાની જાતને પવિત્ર અને શુદ્ધ બનાવી લેશો ત્યારે તમને ઉપરોક્ત વાત સ્પષ્ટ સમજાશે.

જયારે મનુષ્ય પોતાનાં મનના વિકારોને શુદ્ધ કરી લે છે, સ્વાર્થી ઇચ્છાઓને બદલી નાંખે છે અને અહંકારને દૂર કરે છે, ત્યારે તે સર્વ પ્રકારના માનુષિક અનુભવોને અર્થાત્ સમસ્ત પાપ, દુઃખ, શોક, વિચાર અને ઉદ્દેશોને તથા ધર્મનીતિને સંપૂર્ણતઃ સારી રીતે સમજી શકે છે. સંપૂર્ણ આત્મા-દમન અને સંપૂર્ણ જ્ઞાન એજ ખરેખરી સહાનુભૂતિ છે. જે મનુષ્ય બીજા લોકોને પોતાના પવિત્ર હૃદયની સ્વચ્છ દ્રષ્ટિથી જુએ છે તે તેઓના તરફ અવશ્ય કરૂણા દર્શાવી શકે છે, તેઓને પોતાના દેહનાજ અંગભૂત ગણે છે, તેઓને પતિત અને પૃથક નહિ, પરંતુ પોતાનાજ આત્મા સમાન લેખે છે અને તેઓના સંબંધમાં તે સમજે છે કે=જેવાં પાપો હું પહેલાં કરતો હતો તેવાજ તેઓ પણ કરી રહ્યા છે, જેવો કલેશ મેં અનુભવ્યો હતો, તેવોજ તેઓ પણ અનુભવી રહ્યા છે અને જેવી રીતે મને આભ્યંતર શાંતિની પ્રાપ્તિ થઇ તેવીજ રીતે તેઓને પણ થશે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે જ મનુષ્ય ખરેખરો ભલો અને ધીમાન ગણાય છે કે જે પ્રબલ પક્ષપાતિ હોતો નથી જે સર્વની સાથે સહાનુભૂતિ રાખે છે, અને જે બીજાઓના દોષો જોતો નથી. મનુષ્યની બુદ્ધિ જેટલે દૂર પહોંચતી હોય છે તેટલે દૂર તે પોતાની સહાનુભૂતિ વિસ્તૃત કરી શકે છે; અને જેમ જેમ મનુષ્ય નમ્ર અને દયાવાન બનતો જાય છે તેમ તેમ તે વિશેષ બુદ્ધિમાન બનતો જાય છે. સહાનુભૂતિ સંકુચિત હોવાથી હૃદય સંકુચિત બને છે. સહાનુભૂતિને વિસ્તૃત કરવી તે જીવનને પ્રકાશિત અને હર્ષિત કરવા બરાબર છે, તેમજ અન્ય મનુષ્યોને માટે પ્રકાશ અને આનંદનો માર્ગ સુગમતર બનાવવા બરાબર છે.

બીજાની સાથે સહાનુભૂતિ રાખવી એટલે તેના શરીરને પોતાના શરીરમાં ધારણ કરવું અને તેની સાથે સમાન ભાવથી વર્તવું, કેમકે સ્વાર્થશૂન્ય પ્રેમ અત્યંત શીઘ્રતાથી ઐકય ઉત્પન્ન કરે છે. જે મનુષ્ય સમસ્ત પ્રાણધારીઓની સાથે સહાનુભૂતિથી વર્તે છે તે એ સર્વની સાથે તન્મય બને છે અને તેને પ્રેમ, નીતિ વિ૦ સ્પષ્ટતઃ બુદ્ધિગત થાય છે.

મનુષ્ય બીજા મનુષ્યોને પોતાની સહાનુભૂતિથી જેટલે દૂર રાખે છે તેટલેજ દૂર તેનાથી સ્વર્ગ, શાંતિ અને સત્ય રહે છે. જે સ્થળે તેની સહાનુભૂતિ સમાપ્ત થાય છે ત્યાંથીજ અંધકાર, દુઃખ અને સંક્ષોભનો આરંભ થાય છે, કેમકે બીજા લોકોને પોતાના પ્રેમથી દૂર રાખવા તે પોતાની જાતને જ પ્રેમના આનંદથી દૂર રાખવા તુલ્ય છે અને સ્વાર્થના અંધકારમય કારાગૃહમાં સડયા કરવા તુલ્ય છે.

જ્યારે મનુષ્યની સહાનુભૂતિ અસીમ બને છે ત્યારે જ તેને સત્યનો અનંત પ્રકાશ દૃષ્ટિગત થાય છે. અસીમ પ્રેમમાંથીજ અસીમ આનંદની પ્રાપ્તિ થાય છે. સહાનુભૂતિ આનંદમય છે. એમાંથીજ સર્વોત્તમ અને પવિત્ર આનંદ ઉપલબ્ધ થાય છે. સહાનુભૂતિ સ્વર્ગીય છે, કારણ કે તેના પ્રકાશમાં સર્વ પ્રકારના સ્વાર્થી વિચારો નષ્ટ થઈ જાય છે અને સર્વની સાથે એકભાવ અર્થાત્ આધ્યાત્મિક સમાનતાનો દૃઢ સંગ રાખવાથી પવિત્ર આનંદની સંપ્રાપ્તિ થાય છે. જ્યારે મનુષ્ય સહાનુભૂતિ રાખવી ત્યજી દે છે, ત્યારે તેનું જીવન, તેની દૃષ્ટિ અને તેનું જ્ઞાન વિફલ બની જાય છે.

જ્યાંસુધી મનુષ્ય બીજા લોકો વિષે સ્વાર્થી વિચારો કરવાનું તજી દેતો નથી, ત્યાંસુધી તે તેઓની સાથે સાચી સહાનુભૂતિ રાખી શકતો નથી. જે મનુષ્ય સાચી સહાનુભૂતિ રાખે છે તે બીજાઓને પોતાના જેવા જોવાનો પ્રયત્ન કરે છે અને તેઓના વિશેષ પાપ, વાસનાઓ, દુઃખ, વિશ્વાસ, પક્ષપાત ઇત્યાદિ જાણવાની ચેષ્ટા કરે છે. તે છેવટે જાણી લે છે કે, લોકો પોતાની આધ્યાત્મિક ઉન્નતિની કયી શ્રેણી સુધી પહોંચી ચુકયા છે, તેઓનો અનુભવ કેટલો છે અને તેઓ પોતાની દશાને હમણા બદલી શકે એમ છે કે નહિ. તે ઉપરાંત તે જાણી લે છે કે તેઓનું જ્ઞાન જેવા પ્રકારનું છે, તે અનુસાર તેઓ વિચારો અને કાર્યો કરે છે. વળી તે એ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણી લે છે કે તેઓની અલ્પ બુદ્ધિ અને જ્ઞાન સારા ઉદાહરણો દ્વારા સહાયતા અને ઉન્નતિ પામી શકે એમ છે, પરંતુ તેમાં તત્ક્ષણ પરિવર્તન થઇ શકે તેમ નથી. વિવેક અને પ્રેમના પુષ્પોના વિકાસ માટે સમયની અત્યાવશ્યકતા છે અને ઇર્ષ્યા તથા મૂર્ખતાનો શિઘ્રતાથી નાશ થઇ શકતો નથી.

આ પ્રકારના મનુષ્યો પોતાના સર્વ પરિચિત મનુષ્યોના આભ્યન્તર જગતના દ્વારો શોધી લે છે, તેને ઉઘાડે છે, તેની અંદર પ્રવેશ કરે છે અને તેઓનાં જીવનનાં પવિત્ર મંદિરમાં નિવાસ કરીને તેઓ સર્વની સાથે એકમેક બની જાય છે. તેઓને તિરસ્કાર, ક્રોધ અને દ્વેષ કરવાનું કંઇ પણ કારણ મળતું નથી અને તેઓનાં હૃદયમાં અધિકાર, અનુકંપા, ધૈર્ય તથા પ્રેમનો નિવાસ થવા લાગે છે. આવા મનુષ્યો પોતાની જાતને સર્વમય માને છે અને એમ સમજે છે કે સર્વ મનુષ્યો પોતાની સમાન છે અને તેઓની પ્રવૃત્તિઓ પણ પોતાની જેવી છે, માત્ર તેમાં ન્યુનાધિકતાનોજ ભેદ છે. અર્થાત્ તેઓ બીજાના હૃદયમાં પાપ-પ્રવૃત્તિઓ કામ કરતી જુએ છે તો તેઓ પોતાનાં હૃદયમાં ઉતરી જુએ છે કે આ પ્રકારની પ્રવૃતિ તો મારા મનમાં પણ રહે છે, પરંતુ તેણે પાપ તરફ જવું છોડી દીધું છે. જો તેઓ બીજાનાં હૃદયમાં પુણ્ય પ્રવૃત્તિ જુએ છે તો તેઓ પોતાનાં મનમાં પણ એવીજ પુણ્ય પ્રવૃત્તિ જુએ છે.

એક મનુષ્ય બીજા મનુષ્યોથી ભિન્ન નથી. જે ભેદ છે તે પ્રકૃતિનો નથી, પરંતુ માત્ર સ્થિતિનોજ છે. કદિ કોઈ મનુષ્ય બીજાને પોતાનાં કરતાં અધિક પવિત્ર ધારી પોતાની જાતને તેનાથી ભિન્ન માને તો તે તેનું અજ્ઞાન સૂચવે છે. વસ્તુતઃ કોઇ કોઈનાથી પૃથક્ નથી. સહાનુભૂતિના પવિત્ર મંદિરમાં પુણ્યાત્મા અને પાપાત્મા ભેગાં મળે છે અને એક બને છે.

અત્ર પ્રશ્ન થશે કે સહાનુભૂતિની આવશ્યકતા સૌથી વધારે કોને હોય છે? પુણ્યપ્રતાપી, જ્ઞાની, યાને મહાત્માઓને તેની આવશ્યકતા હોતી નથી. જ્ઞાનરહિત અપરિપકવ મનુષ્યનેજ તેની અનિવાર્ય જરૂર હોય છે. જેઓ જેટલા વધારે પાપી છે તેઓ તેટલા વધારે દુઃખી છે, આથીજ તેઓને સહાનુભૂતિની તેટલીજ અધિક આવશ્યકતા છે. પુણ્યાત્મા પુરૂષોને સહાનુભૂતિની આવશ્યતા નથી, પરન્તુ પાપાત્માઓનેજ છે. જેઓ દૂષિત કર્મો વડે દીર્ઘ સમય પર્યંત પાપ સંચય કરી રહ્યા છે તેઓને સહાનુભૂતની મહાન્ અગત્ય છે.

એક પ્રકારનું પાપ કર્મ કરનાર માણસ બીજા પ્રકારનું પાપ કરનારને અપરાધી અને અધમ માને છે. તે એમ વિચારતો નથી કે જોકે મારૂં અને તેનું પાપ ભિન્ન પ્રકારનું છે, તો પણ આખરે તે પાપજ છે. તે એમ નથી વિચારતો કે સર્વ પ્રકારનાં પાપ એકજ છે, માત્ર તેનાં સ્વરૂપમાંજ ભેદ છે. મનુષ્ય પોતે જેટલો પાપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે તેટલીજ તે બીજાઓને પાપી ધારે છે. જ્યારે તેને સદ્જ્ઞાન થાય છે અને તે પાપથી વિમુખ બને છે તથા તેનાથી બચવાનો યત્ન કરવા લાગે છે, ત્યારે તે બીજાઓને પાપી ધારતા અટકે છે અને તેઓની તરફ સહાનુભૂતિ દર્શાવવા લાગે છે. પરંતુ આ એક અટલ નિયમ છે કે ઈંદ્રિયોને વશ થઈ ગયેલા પાપી મનુષ્યો પરસ્પર એક બીજાને દૂષિત ધારે છે અને ધિક્કારે છે. જે મનુષ્યને સર્વ લોકો દૂષિત ધારે છે અને જેને સહુ ધિક્કારે છે. તે જો તે લોકોના ધિક્કારને લાભદાયક સમજી વિચાર કરે કે " મારા અપરાધોને લઈને તેઓ મને દૂષિત માને છે " તો તેની ઉન્નતિ થવા લાગે છે અને તે પોતે બીજાને દૂષિત માનવાનું ત્યજી દે છે.

જે વાસ્તવિક રીતે સત્ય પરાયણ અને ભલો મનુષ્ય છે તે બીજાની નિંદા કરતા નથી. આવો મનુષ્ય સ્વાર્થ અને ઉદ્વેગને દૂર રાખીને પ્રેમ અને શાંતિ સહિત રહે છે તેમજ સર્વ પ્રકારનાં પાપો અને તેનાથી જે જે દુઃખ અને કલેશ સમુપસ્થિત થાય છે તે સર્વ તેના જાણવામાં આવે છે. તે નિદ્રામાંથી જાગીને, જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરીને અને સ્વાર્થમયતાને ત્યજી દઈને સર્વની સાથે પવિત્ર સહાનુભૂતિ રાખે છે. જો લોકો આવા મનુષ્યને દૂષિત ઠરાવે છે અને ધિક્કારે છે તો પણ તે તેઓની સાથે સહાનુભૂતિ પ્રગટ કરે છે અને વિચારે છે કે " લોકો અજ્ઞાનતાને લઈને મને ધિક્કારે છે અને તેઓને પોતાનાં ખરાબ કર્મોનું ફલ ભોગવવું પડશે. "

જેઓ તમને ધિઃક્કારતા હોય તેઓની સાથે આત્મદમન અને જ્ઞાન વૃદ્ધિની સહાયથી સ્નેહ રાખતા શીખો. તેઓની બુરાઈ તરફ દૃષ્ટિ ન કરો; કદાચિત્ તમારા પોતાના મનમાં પણ કોઈ અનિષ્ટ વાત હશે. જો તમે તમારા પોતાના દોષોને સંપૂર્ણ રીતે સમજી લેશો તો તમે બીજાની નિંદા કરવાનું ત્યજી દઈને તમારી પોતાની જાતને ધિક્કારવા લાગશો. સાધારણ રીતે સ્હાનુભૂતિ કહેવામાં આવે છે તે ખરેખરી જેને સહાનુભૂતિ નથી, પરંતુ તે એક પ્રકારનો શારીરિક સ્નેહ છે. જે આપણી સાથે સ્નેહભાવ રાખે તેની સાથે આપણે સ્નેહભાવ રાખીએ એ તો એક માનુષિક પ્રકૃતિ છે; પરંતુ જેઓ આપણી સાથે સ્નેહ ન રાખતા હોય તેઓની સાથે સ્નેહભાવ રાખીએ તેજ પવિત્ર સહાનુભૂતિ કહી શકાય.

સહાનુભૂતિની આવશ્યક્તા દુઃખ અને કલેશને લઈને જ છે; કેમકે આ જગતમાં એવું કોઈ નથી કે જે દુઃખી ન હોય. દુઃખમાંથી જ સહાનુભૂતિ ઉત્પન્ન થઈ છે. એક વર્ષમાં અથવા એકજ જીવનમાં માનુષિક હૃદય દુઃખ પામીને પવિત્ર અને સ્વચ્છ બની શકતું નથી, પરંતુ વારંવાર જન્મ લઈને અને દુઃખ પામીને મનુષ્ય પ્રેમ તથા જ્ઞાનનાં પરિપકવ અને અમૂલ્ય ફળો પ્રાપ્ત કરે છે. આ રીતે જન્મ જન્માંતરો પછી એ સમજવા લાગે છે અને સહાનુભૂતિ રાખવા લાગે છે. નિયમોનું ઉલ્લંઘન એ જ પાપ છે. મનુષ્ય પોતાની અજ્ઞાનતાને લઈને નિયમોનું ઉલ્લંઘન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પાપ છે તે જ ક્લેશ છે. એકનું એક પાપ વારંવાર કરવાથી તેનું ફળ અર્થાત્ ક્લેશ વારંવાર ભોગવવો પડે છે, અને વારંવાર ક્લેશ ભોગવવાથી એ નિયમનું જ્ઞાન થાય છે અને જ્યારે જ્ઞાન થાય છે ત્યારે સહાનુભૂતિનું પવિત્ર અને સુંદર કુસુમ ખીલી રહે છે.

સહાનુભૂતિનો એક અંશ દયા છે. સંસારમાં દુઃખિત અને ક્લિષ્ટ મનુષ્યોનાં દુઃખ દૂર કરવા માટે અને તેઓને ધૈર્ય આપવા માટે દયાની મહાન અગત્ય છે. “ દયા અશક્ત મનુષ્યોને માટે સંસારને કોમલ બનાવે છે અને શક્તિમાન મનુષ્યોને માટે સંસારને ઉન્નત બનાવે છે. ”

ક્રૂરતા, અકૃપા, દોષારોપ અને ક્રોધને દૂર કરવાથી દયામાં વધારો થાય છે, જે મનુષ્ય કોઈ પાપી મનુષ્યને તેનાં પાપનું ફલ પામતો જોઇને પોતાનાં હૃદયને કઠોર બનાવીને કહે છે કે “તે પોતાનાં પાપોનું ઉચિત ફળ ભોગવી રહ્યો છે ” તે દયા બતાવી શકતો નથી. જ્યારે જ્યારે મનુષ્યો બીજા પ્રાણીઓ ઉપર કઠોર બને છે અને તેઓ તરફ આવશ્યક સહાનુભૂતિ દર્શાવતો નથી ત્યારે ત્યારેજ તે પોતાને સંકીર્ણ બનાવે છે, પોતાના આનંદને ન્યૂન કરે છે અને ક્લેશોપભોગનાં બીજ વાવે છે.

બીજા લોકોની અધિકતર સફલતા જોઈને હર્ષ પામવો અને તેની સફલતા એ પોતાનીજ છે એમ માનવું એ સહાનુભૂતિનો બીજો અંશ છે. જે મનુષ્ય ઇર્ષ્યા દ્વેષ આદિ લાગણીઓથી મુક્ત છે અને જે બીજા લોકોનું સારૂં સાંભળીને હર્ષિત બને છે તે મનુષ્ય ધન્ય છે એ નિઃસંદેહ વાત છે.

પોતાથી ન્યુનતર અને હીનતર પ્રાણીઓની રક્ષા કરવી તે ત્રીજો સહાનુભૂતિનો અંશ છે. અવાચક પ્રાણીઓની રક્ષા કરવા માટે મહાન સહાનુભૂતિની પરમ આવશ્યકતા છે. શક્તિની શોભા રક્ષા કરવામાં રહેલી છે, નહિ કે નાશ કરવામાં ન્હાના જીવોની રક્ષા કરવાથી જીવન સફલ થાય છે. સર્વ પ્રાણીઓ એક છે. ન્હાનામાં ન્હાનાં પ્રાણીઓ મ્હોટામાં મ્હોટા પ્રાણીઓથી કેવળ શક્તિ અને બુદ્ધિની ન્યૂનતાધિકતામાં ભિન્ન છે, જ્યારે આપણે દયાળુ બની અન્ય પ્રાણીઓની રક્ષા કરીએ છીએ ત્યારે આપણા ઐશ્વર્ય અને હર્ષમાં અનુપમ વૃદ્ધિ થાય છે. એથી ઉલટું જ્યારે આપણે અવિવેકી અને કઠોર બનીને પ્રાણીઓને દુઃખ આપીએ છીએ ત્યારે આપણું ઐશ્વર્ય આચ્છાદિત બને છે અને હર્ષ બુઝાઇ જાય છે. મનુષ્યની સાત્વિક પ્રકૃતિ કેવળ દયા, પ્રેમ, સહાનુભૂતિ અને સ્વાર્થશૂન્ય પવિત્ર કર્મોને પરિણામેજ વૃદ્ધિંગત, સુરક્ષિત અને પરિપક્વ બને છે.

બીજા લોકો તરફ સહાનુભૂતિ રાખવાથી આપણે આપણી તરફ બીજાની સહાનુભૂતિમાં વધારો કરીએ છીએ. કોઇના તરફ સહાનુભૂતિ રાખવાથી તે નષ્ટ થતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. ન્હાનામાં ન્હાનું પ્રાણી પણ સહાનુભૂતિના સ્વર્ગીય સ્પર્શથી આનંદિત બને છે, કારણકે સહાનુભૂતિ એ એક એવી વિશ્વવ્યાપક ભાષા છે જે સર્વ પ્રાણીઓ સમજી શકે છે. અમેરિકાના હારટમૂર શહેરમાં એક અત્યંત અત્યાચારી અપરાધી મનુષ્ય હતો. જેને અનેક અપરાધને લઇને ઘણાં વર્ષો સુધી કારાગૃહમાં રાખવામાં આવ્યો હતો. સર્વ લોકો તેને અત્યંત ભયાનક, કઠોર અને નિર્દય ગણતા હતા. અને કારાગૃહના પહેરેગીરોએ પણ તેને સુધારવાની આશા તજી દીધી હતી. એક દિવસ જે કોટડીમાં તેને રાખવામાં આવ્યો હતો ત્યાં એક ભૂખ્યો અને અસ્વસ્થ ઉંદર આવી ચઢ્યો. તે ઉંદરની અસહાય અને દુર્બળ દશા જોઇને તે પાપી મનુષ્યનાં હૃદયમાં દયાની વિજળીનો સંચાર થઈ ગયો અને તે પોતાની તેમજ એ ઉંદરની એકજ પ્રકારની દશા જોઇને તેની તરફ સહાનુભૂતિ પ્રકટ કરવા લાગ્યો. તેણે તે ઉંદરને પોતાના એક પઅરખામાં નિવાસ આપ્યો અને પોતાની ખાવા પીવાની વસ્તુઓમાંથી તેને ખવરાવી પીવરાવી તેનું પોષણ કર્યું. જે અત્યંત કઠોર અને દૂષિત હૃદયમાં કોઈપણ મનુષ્યને માટે દયાનો અંશ પણ નહોતો, તે હૃદયમાં એક ઉંદરની ખાતર સહાનુભૂતિનો સ્વર્ગીય દીપક પ્રકટ થયો. પોતાથી શક્તિહીન મનુષ્યો તરફ તેની દયા અને પ્રીતિમાં વૃદ્ધિ થવા લાગી અને પોતાથી અધિક શકિતવાન મનુષ્યો તરફ તેની તિરસ્કારની લાગણી ઘટવા લાગી. તે પહેગીરોની આજ્ઞા સંપૂર્ણ રીતે પાળવા લાગ્યો. પહેરેગીરોને પણ આશ્ચર્ય થયું કે આટલો બધો કઠોર હૃદય મનુષ્ય એકાએક આવો નમ્ર કેવી રીતે બની ગયો. તેની મુખાકૃતિ પણ બદલાઇ ગઈ. નેત્રો, ઓષ્ટ આદિની ભીષણતા ધીમે ધીમે કોમલતા અને પ્રેમમાં પરિણત થઈ ગઇ. હવે તે એક દૂષિત અને પાપી કેદી નહોતો. તેનું મન પુણ્યમાં અભિરત બની ગયું. છેવટે એ સઘળો વૃત્તાંત અધિકારીઓના જાણમાં આવ્યો ત્યારે તેઓએ તેને સ્વતંત્ર કરી મૂકયો અને કારાગૃહમાંથી જતી વખતે તે ઉંદરને પણ પોતાની સાથેજ લઇ ગયો.

એ રીતે બીજા તરફ સહાનુભૂતિ પ્રકટાવવાથી તેનો પ્રવાહ આપણા હૃદયમાં પૂર્ણ વેગથી વહે છે અને આપણું જીવન સફલ બને છે. સહાનુભૂતિના દાનથી આપણને આનંદનો પુરસ્કાર મળે છે અને સહાનુભૂતિનું દાન ન આપવાથી આપણો આનંદ નષ્ટ થાય છે. માણસ જેટલા પ્રમાણમાં સહાનુભૂતિ રાખે છે તેટલા પ્રમાણમાં તે આદર્શ-જીવન અર્થાત્ સત્યાનંદની સમીપ પહોંચે છે. જ્યારે મનુષ્યનું હૃદય એટલું બધું કોમળ બની જાય છે કે તેમાં એક પણ કઠોર, કટુ વા નિર્દય વિચાર ઉત્પન્ન થતો નથી અને તેના માધુર્યને ન્યૂન કરતો નથી ત્યારે તે પવિત્ર સત્ય આનંદમાં ગરકાવ થઈ જાય છે. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આપણી ભાવી ઉન્નતિની દિશા ( સમજીને આદરવાની જરૂર )

સૂજ્ઞ ભાઇ બ્હેનોએ, સ્વપર હિત, શ્રેય કરવા સદાય ઇચ્છવું જોઇએ. જે ભવ્યાત્મા સ્વહિત શ્રેય કરવા આતુરતાથી ઇચ્છતો હોય તેણે શ્રી વીતરાગ પ્રણીત માર્ગને યથાયોગ્ય અનુસરીનેજ ચાલવું જોઇએ. સ્વ યોગ્યતાનુસારેજ ધર્મ સાધન કરવાની મર્યાદા શાસ્ત્રકારે કહી છે અને એજ હિતકારી થઈ શકે છે. યોગ્યતા વગર વસ્તુની પ્રાપ્તિ થઈ શકતી નથી અને કવચિતજ થાય તે ટકી શકતી નથી તેમ છતાં એવી યોગ્યતા પ્રાપ્ત કરવા કોઇ વિરલાજ કાળજી રાખે છે અને લાભ પણ તેજ મેળવી શકે છે. પ્રભુનું શાસન જયવંતુ દેખાય છે તેથી એવા પણ સદ્‌ભાગી જીવો શાસનમાં હોવા ઘટે છે, મહા પુરૂશોનાં ચરિત્રો જે બારીકીથી વાંચી–વિચારી સમજી શકે છે તે તેમાંથી સાર ગ્રહી સ્વ ન્યૂનતા દૂર કરી શકે છે. આપણું ધારેલું ન થવાથી કવચિત્ ખેદ પણ થવા પામે છે પરંતુ તે નિરાશામાં પરિણમવાને બદલે નવી જાગૃતી આણવામાં પરીણમે તોજ તે ઇચ્છવા યોગ્ય છે.

આપણું જીવન શુષ્ક–જડવત બનવાને બદલે સરસ ( સ્વપરને રસ દાયક ) બને એવો પ્રયત્ન સેવતા રહી આગળ વધાય તો કેવું સારૂં ?

આપણી સંગાતમાં દેહ છાયાની જેમ વર્ત્તનારી વ્યક્તીઓનું પણ જીવન તેવુંજ સરસ બને તેવીજ કાળજી આપણે રાખવી ઘટે છે, જેથી સ્વપર ઉન્નતિનાં લગારે અંતરાય રૂપ નહિ થતાં એક બીજાને વધારે મદદગાર થવાય. એવી કર્ત્તવ્ય ભાવના આપણામાં ખીલવવાની જરૂર છે. ઉત્તમ પ્રકારની વ્યવહારીક, નૈતિક અને ધાર્મિક કેળવણીની આપણામાં અત્યારે ભારે ખામી જોવામાં આવે છે તેથીજ આપણી સ્થિતિ દયા જનક થઇ પડી છે આવી દુઃખી સ્થિતિમાંથી સમાજનો ઉદ્ધાર જેવા તેવાથી થવો સંભવિત નથી એતો જ્યારે પ્રબળ પ્રભાવશાળી નૈષ્ટિક બ્રહ્મચર્યને ધારણ કરનારી શુદ્ધ શાસન પ્રેમી વ્યકિતઓ સદ્‌ભાગ્યે જાગ્રત થઇ " સવિ જીવ કરૂં શાસન રસી " એવી ઉદ્દગ્રભાવના યોગે નિષ્કામ શાસન સેવા કરવા ઉજમાળ બનશે. ત્યારેને ત્યારેજ સમાજના ઉદય સાથે શાસનનો પણ ઉદય થશે. આ કેળવણીમાં તો અત્યારે ઘણીજ ખામી જોવાય છે. પરંતુ ધીમે ધીમે વ્યકિતગત સુધારો થવાથી સારૂ પરીણામ આવી શકશે. એક ગાંધી અત્યારે કેટલુ કરી રહેલ છે અને તે કયા આલંબનથી એટલું પણ વિચારશીલ જનો ગંભીરતાથી વિચારવાવડે સ્વકર્તવ્યની કંઇક ઝાંખી કરી શકે એમ છે. આપણે અત્યારે યોગ્યતા સંપન્ન થવાની અને તેવી થઇને સ્વકર્તવ્ય કર્મ કરવાની ભારે જરૂર છે. જો આપણી ઉન્નતી સાધવા દઢ કાળજી અને અવિરત વિચારણા વર્તતી રહેતાં ખરેખર તેમાંથી કંઇને કંઇ શુભ પરીણામ આવી શકેજ. શુદ્ધ અંતઃકરણનો અવાજ એ દૈવી અવાજ છે તેને બરાબર લક્ષ્ય દઇ સાંભળી આદરવામાં આવે તો તે આપણને અચુક લાભકારી બને. ઇંદ્રિય નિગ્રહ કષાય નિગ્રહ યોગવિશુદ્ધિ અન અહિંસાદિક સદ્‌ગુણોનું

For Private And Personal Use Only

સેવન કરવા રૂપ સંચયવડેજ જ્યારે ત્યારે આપણે દવ ઉન્નતિ સાધી શકીશું તો પછી અત્યારેજ પ્રમાદ રહીત ઉક્ત સંયમનું સેવન કરવા તત્પર શા માટે ન થવું?

ઇતિશમ.

મુનિરાજશ્રી કર્પુરવિજયજી.

## सूचना.

सर्व सज्जनोंसे नम्र विज्ञप्ति है। कोइ मुझे **आचार्य,** कोइ **जैनाचार्य** कोइ **धर्माचार्य** कोइ **उपाध्याय,** कोइ **पंन्यास,** कोइ **शास्त्रविशारद** कोइ **विद्याविशारद** कोइ **विद्यावारिधि** कोइ **न्यायविशारद** कोइ **मुनिरत्न** कोइ **प्रसिद्धवक्ता** कोइ **प्रखरविद्वान्** कोइ **भारतभूभास्कर** इत्यादि मनः कल्पित अपनी अपनी इच्छानुसार उपाधि–टाइटल–पदवियां लिखकर भारी बनाते हैं, बिलकुल अन्याय होता है। क्योंकि न तो मुझे किसीने कोइ भी उपाधि दि है, न मैनें लीहै, और न मैं किसी उपाधिके लायक हुं। अतः स्वर्गवासी जैनाचार्य श्रीमद्विजयानन्दसूरि महाराजका बक्षीशकी मुनि उपाधिके अतिरिक्त अन्य कोई भी उपाधि मेरे नामके साथ कोइ भी महाशय न लिखें. इति। हस्ताक्षर **मुनि वल्लभविजय.**

## ગ્રંથાવલોકન.

શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાઇબ્રેરી વડોદરાનો ત્રીજા વર્ષનો રીપોર્ટ-અમોને અભિપ્રાયાર્થે ભેટ મળેલો છે. વડોદરા શહેરના જાહેર લતા ઉપર આવેલ અને જૈન અને જૈનેતરને એક સરખો લાભ ઉદારતાથી આપનાર ઉપરોક્ત ફ્રી લાઇબ્રેરી કે જે કોઈ ભેદ ન રાખતાં વડોદરા શહેરમાં વાંચનની અભિવૃદ્ધિ કેમ વધે તેવા શુભ ઉદ્દેશથી કાર્ય કરતી જોઇ અને તેમનો આ રીપોર્ટ વાંચી અમોને આનંદ થાય છે અને તેના શ્રીયુત સેક્રેટરી અને કાર્ય વાહકોના તે ઉત્સાહ માટે ધન્યવાદ આપીયે છીયે.

સ્કુલમાં કેળવણી લેતાં જૈન વિદ્યાર્થીઓને ભણતી સગવડે સ્કુલમાં ચાલતી બુકો પુરી પાડવામાં આવતો પ્રયાસ અને ઘેર બેઠા સ્ત્રીઓ માટે સરક્યુલેટીંગ ફ્રી લાઇબ્રેરીની યોજના અને પ્રયત્ન, આ બે કાર્યો એક કેળવણીને ઉત્તેજન અને સ્ત્રીઓને વાંચનનો આપવામાં આવતો લાભ સાથે હોવાથી ઘણું પ્રશંસનીય કાર્ય છે, અને ભાષણ શ્રેણીની સાથે સંકળના હોવાથી ઉક્ત લાઇબ્રેરી નિમિત્તે વક્તા અને શ્રોતાના વિચારોની આપ લે થતી આ રીપોર્ટ ઉપરથી જાણવામાં આવે છે જે જમાનાને અનુસરતું કાર્ય હોવાથી પરંપરાએ લાભદાયી છે.

આ લાયબ્રેરીની પેટ્રન અને ત્રણ પ્રકારના લાઇફ મેમ્બરોથી બનેલી જનરલ મીટીંગ અને ચાલુ કાર્ય કરવા માટે એક મેનેજીંગ કમીટી છે જે તેના બંધારણ અને ધારા પ્રમાણે કાર્ય કરે છે. આ વર્ષમાં મેમ્બરોની સારી સંખ્યાની વૃદ્ધિ થયેલી જોવામાં આવે છે, ઉક્ત લાઇબ્રેરીનો કાર્ય ક્રમ અને પ્રવૃત્તિ અને કાર્ય વાહકોનો ઉત્સાહ ઉંચા પ્રકારનો જોવામાં આવે છે, અમો તેની ભવિષ્યમાં આબાદિ ઇચ્છીયે છીયે અને સર્વે બંધુઓ ( જૈન અને જૈનેતર બંધુઓ ) ને આ લાઇબ્રેરીને સહાય કરવા ભલામણ કરીયે છીયે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકીર્ણ નોંધના સંબંધમાં અમારો ખુલાસો.

પ્રસ્તુત પત્રના ભાદરવા માસના અંકમાં આવેલ પ્રકીર્ણ નોંધમાં લેવાયેલી હકીકત ઉપરથી મુનિરાજશ્રી રામવિજયજીએ આ સભાની વિરૂદ્ધ એક હેન્ડબીલ અમારી માન્યતા પ્રમાણે અત્રેનીપર્યુષણ પર્વના દિવસોમાં વંચાતા કલ્પસૂત્ર વ્યાખ્યાનમાં થયેલ અડચણ અને સાંભળવાની પડેલી ખલેલ જેથી ઉત્પન્ન થઇ તે પરિસ્થિતિની કેટલીક ગેરસમજ થયેલ હોવાને અંગે પ્રકટ થયેલું સંભવે છે. આ સભા અત્યાર સુધી દેવદ્રવ્ય સંબંધી ચર્ચામાં તટસ્થ રહેલ છે, તેમજ તે પ્રકીર્ણ નોધમાં જૈનપત્ર સંબંધી કાંઇપણ ઉલ્લેખ અથવા નામ માત્ર લેવાયેલ નથી તેમજ તેમાં તે વખતે વહેંચાયેલ કોઇ પણ હેન્ડબીલ વિરૂદ્ધ લખવામાં આવેલ નથી પરંતુ અત્રે કલ્પસૂત્રના વંચાતા વ્યાખ્યાન વખતે બંને બાજુના વહેંચાયેલા હેન્ડબીલ કે બનેલા બનાવનું માત્ર દિગ્દર્શન કરાવવાની જરૂરીયાત જાણી તે નોંધમાં લેવાયેલ હતી તે હકીકતને જુદા સ્વરૂપમાં મુનિરાજ શ્રી રામવિજયજી સમજ્યા હોય તેમ સંભવે છે. તેઓ શ્રીએ હેન્ડબીલ પ્રકટ કર્યા પહેલાં અમારો અંગત ખુલાસો પુછવાની જરૂર હતી. અસ્તુ ! આ સભા જે પ્રાતઃ સ્મરણીય પરમ પૂજ્ય ગુરૂવર્યના નામ સાથે જોડાયેલ છે, તેણે કદાપિ અસત્યને પુષ્ટિ આપીજ નથી ભવિષ્યમાં પણ તેવી ઇચ્છા રાખતી નથી અને સત્યનેજ ચાહનાર છે તેમજ હવે પછી આ સંબંધમાં જવાબો આપી કે બીજી રીતે કલેશમય વાતાવરણ વધારી સમાજને કલેશનું નવું નિમિત્ત બનવાથી હમેંશા દૂર રહેવા માગે છે.

આત્માનંદ પ્રકાસ માસિક કમીટી
( કાર્ય વાહકો )

# વર્તમાન સમાચાર.

## बीकानेरके प्रशंसनीय समाचार ॥

(१) जैन पाठशालाके फन्डमें ५०००० हो चुके हैं।

(२) पंन्यासश्री सोहनविजयजी और पण्डित हंसराजजी शास्त्रीके प्रभावशाली उपदेशोंके प्रभावसे यहां के कईमाननीय जैनोने "वेश्या नृत्य" न करानेकी प्रतिज्ञा की है।

(३) श्रीमान शेठ हजारीमलजी कोंचरने अपनी एक बहू मूल्य कोटडी श्री जैनपाठशालाको भेट करदी है।

(४) संघ की तरफसे मुनिश्री वल्लभविजयजी महाराजको विनंति की गई है

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कि " अपणा चार्तुमास बीकानेर में करें " आशा है कि मुनिश्री ऐसे लाभप्रदक्षेत्र को न छोडेगे ।

(५) बीकानेर संघ की तरफसे जीवदया विषयक संस्थावो को ५००) का दान भेजा गया है ।

(६) खाम गांव निवासी यतिश्री बालचन्द्राचार्यजी यहां पधारे हुवे है अब उनके व्याख्यान होंगे ।

## શહેર ભાવનગરમાં અઠ્ઠાઇ મહોત્સવ.

શેઠ પરશુદાસ તથા હરજીવનદાસ દીપચંદના સ્વર્ગવાસી પિતાશ્રી તથા માતુશ્રીના શ્રેય નિમિત્તે મોટા જીનાલયમાં આશો વદી ૨ થી અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયેલ છે, સાથે સુશોભીત સમવસરણની રચના પણ કરવામાં આવી છે દરરોજ વિવિધ પૂજાઓ ભણાવવામાં આવે છે સાથે સ્વામીવાત્સલ્ય કરવાના છે. દેવગુરૂની ભક્તિ સાથે માતપિતાની ધાર્મિકભક્તિ પણ આવા કાર્યો નિમિત્તે સુપુત્રોથી થાય છે. શેઠ હરજીવનદાસ આ સભાના સેક્રેટરી હોવાથી સાથે આ સભાના જ્ઞાનખાતાને પણ સહાય આપી છે.

## શહેર પાલીતાણામાં ઉપધાન વહન તપની શરૂ થયેલ ક્રિયા

આચાર્ય શ્રી આનંદસાગરજી મહારાજના સદ્ઉપદેશથી જામનગર નિવાસી વોરા પોપટલાલ ધારશી તરફથી આશો શુદ ૧૦ થી ઉપધાન વહન કરાવવાનું શરૂ થયું છે સાંભળવા પ્રમાણે શુમારે ત્રણશેંહ બ્હેનો અને બંધુઓ દાખલ થયેલ છે. મળેલી ઉત્તમ લક્ષ્મીનો ઉત્તમ વ્યય ત્યાં સારા પ્રમાણમાં બંધુ પોપટલાલ કરે છે. ઉક્ત બંધુને નમ્ર સુચના કરીયે છીયે કે જે કરો છો તે સાથે કેળવણીને મદદ અને મદદ કરવા લાયકબંધુઓની સ્થિતિ સુધારણાર્થે પણ સારો ફાળો આપવાની જરૂર છે.

## આ સભાએ કરેલ ઠરાવો.

તા. ૨૯—૧૦—૧૯૨૦ શુક્રવારના રોજ આ સભાની એક જનરલ મીટીંગ મળી હતી, જેમાં નીચે મુજબ ઠરાવો થયા હતા જે પ્રકટ કરવામાં આવે છે.

૧ ગયા વૈશાક માસમાં પ્રવર્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી વગેરે મુનિમહારાજાઓને શ્રી પાલીતાણેથી અત્રે ચાતુર્માસ કરવા માટે પાલીતાણે જઈ વિનંતિ કરવા જવા માટે દશ ગૃહસ્થોના સહી સાથેનું એક વિનંતિ પત્ર શ્રી સંઘની કમીટીને મોકલવામાં આવેલ, જેનો હજુ સુધી કાંઇપણ નિર્ણય કે અમલ કરવામાં આવ્યો નથી તેને માટે આ સભા દીલગીર છે, અને હવે પછી તેવા ભેદભાવવાળા વિચારો દૂર કરી તેમ નહીં થવા આ સભા શ્રી સંઘના આગેવાનોને જાહેર કરે છે.

૨ મુનિરાજ શ્રીરામવિજયજી મહારાજે ગયા ભાદરવા વદી ૧૩ના રોજ તેઓએ પ્રકટ કરેલ હેન્ડબીલની અંદર આ સભાને માટે જે અયોગ્ય લખાણ કર્યું છે, તેને માટે આ સભા દીલગીર છે અને આ સભા નિરંતર સત્ય વાતનેજ ચાહનારી છે.

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " હસો અને પુષ્ટ બનો. "

" ટૅલિરેન્ડ કહેતો કે ગમ્મત અસાધારણ તાજગી આપે છે, એમ મને માલુમ પડયું છે. " હસો અને પુષ્ટ બનો " એ કહેવતમાં સારી ફિલસુફી રહેલી છે. હસવામાં શરીરને મજબુતી આપવાંની અને જીંદગી લાંબી કરવાની શક્તિ રહેલી છે, એમ દરેક જણ જાણતું હોત તો માણસોના મ્હોં ઉપર હાલ જે દિલગીરીની છાયા છવાઇ રહે છે તે ઘણે ભાગે નીકળી જાત અને હજારો વૈદ્યોનો ધંધો નીકળી જાત. આપણા જીવન વ્યવહારમાં એક ડહાપણ ભરેલા હેતુ તરીકે કામ આવે તે માટે હસવાની શકિત આપણને આપવામાં આવી છે. અંદરની ઇન્દ્રિયોને કસરત આપવા માટે તથા તે સાથે આપણને આનંદ આપવા માટે આ એક કુદરતની યુક્તિ છે. ફેફસામાં અને પેટના વચ્ચેના પડદામાં તેની શરૂઆત થાય છે. લિવર (યકૃત), પેટ, અને બીજા અંદરના અવયવોને તે એક ઝડપવાળા, આન્દોલનમાં મૂકે છે, જે વડે, ઘોડા ઉપર સ્વારી કરવાથી જે આનંદજનક અસર થાય છે, કસરત મળે છે, એવી અસર અને કસરત થાય છે, હૃદય વધારે જલ્દી ચાલે છે, ફૂદકો મારતું લોહી તેથી શરીરમાં ફરી વળે છે, શ્વાસોશ્વાસ વધે છે, અને આખા શરીરને ગરમી અને પ્રકાશ મળે છે. હસવાથી આંખમાં પ્રકાશ આવે છે, પરસેવો વધે છે, છાતી પહોળી થાય છે, ઓછામાં ઓછા વપરાશવાળાં ફેફસાંનાં છિદ્રમાંથી ઝેરી હવા નીકળી જાય છે અને શરીરના સઘળા ધર્મના એક્તા યુક્ત આચારથી જે આરોગ્ય, આરોગ્યને લગતું સુંદર સમ તોલપણું આવે છે તે તે આપે છે. આ મૃદુ—નાજુક સમતોલપણું જે એક ઉંઘ વિનાની રાત્રિથી, ખરાબ ખબરથી, ઉદ્વેગ અગર ચિંતાથી ખસી જાય છે તે ઘણી વખત એક સારા, અંતઃકરણના હસવાથી પૂરેપૂરૂં ફરી મળે છે. એક આનંદી ડોક્ટર અગર વૈદ્ય તેની સઘળી ગોળીઓ કરતાં ઘણી વખત સારો થઇ પડે છે.

" ઉદ્વેગ અગર ગુસ્સા માટે માણસોને ઉત્પન્ન કરવામાં આવ્યા નથી એમ એક અર્વાચીન લખનાર કહે છે. પોતાથી બની શકે તે સઘળું સુખ અને આનંદ પોતાની બહારથી તેમ અંદરથી ખેંચવું એ દરેક જણની ફરજ [illegible] વધારે તો તેણે સઘળી વસ્તુઓની ઉજળી બાજુ તરફ જોવું જોઇએ. સૂર્યથી પ્રકાશિત દિશાઓને ધુમ્મસ, વાદળાં અને વરાળ વળગી રહે એ આશા જેમ નિરર્થક છે તેમ જ્યારે કોઇ આનંદી માણસ આવી ખરા અંતઃકરણથી "ગુડ મોર્નિંગ" (સલામ) કહે છતાં કોઇપણ ચ્હેરા ઉપર કલેશ, ઉદ્વેગ રહે એ અશક્ય છે. જે કોઇ તમને મળે તેની સાથે સ્મિત સહિત વાત કરવાને ચૂકતા નહિ. ઉદ્યોગી જીવન સુખી જ હોય.

" આગળ ધસો " માંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નીચેના ગ્રંથો વગેરે ભેટ મળેલા છે જે ઉપકાર સાથે સ્વીકારીયે છીયે.

૧ શ્રી નેમીનાથ ચરિત્ર સંસ્કૃત–મુનિરાજશ્રી પુણ્યવિજયજી તરફથી.

શ્રી જૈન યુવક મંડળ–ભાવનગરનો પ્રથમ વર્ષનો રીપોર્ટ–ઉક્ત મંડળ તરફથી.

---

## આચાર્ય શ્રીમાન્ વિજયકમળસૂરીજીની જયંતી.

પ્રાતઃ સ્મરણીય શ્રીમાન મૂળચંદજી મહારાજના શિષ્ય ઉક્ત આચાર્ય મહારાજની આશો શુદ ૧૦ ના રોજ સ્વર્ગવાસ તીથી હોવાથી ભક્તિ નિમિત્તે અત્રેના મોટા જીનાલયમાં શ્રી આદિનાથ ભગવાનની પંચકલ્યાણકની પૂજા ( શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજ કૃત ) ભણાવવામાં આવી હતી. સર્વેએ ભક્તિમાં સારો લાભ લીધો હતો. આવા ગુરૂભક્તિના કાર્યમાં ઉક્ત સ્વર્ગવાસી મહાત્માના પરિવાર મંડળે ગુરૂભક્તિ નિમિત્તે દરેક મોટા શહેરમાં વધારે સારા પ્રમાણમાં આ મહાત્માની જયંતી દરવર્ષે ઉજવાય તે માટે ઉપદેશ વગેરે કરી ભગીરથ પ્રયત્ન ઉઠાવવાની જરૂર છે. ગુરૂભક્તિનું આ કાર્ય તેઓશ્રીના શિષ્ય મંડળ ઉપાડી લેશે એવી અમો વિનંતિ કરીએ છીએ.

---

## બાબુસાહેબ રાયબુદ્ધસિંહજી બહાદુરનો સ્વર્ગવાસ.

અજિમગંજ નિવાસી ઉક્ત શ્રીમાન્ ગૃહસ્થ ગયા ભાદરવા માસમાં વૃદ્ધ વયે પંચત્વ પામ્યા છે. તેઓશ્રી ઉદાર હૃદયના ધર્મચુસ્ત અને ઉદાર નરરત્ન હતા. તેમના સ્વર્ગવાસથી જૈન કોમમાં ખરેખર એક અગ્રગણ્ય આગેવાનની ખોટ પડી છે તે ન પુરી શકાય તેવી છે. તેમના બંને પુત્રોને અમો અંતઃકરણ પૂર્વક દીલાસો આપીયે છીયે અને તેમના પવિત્ર આત્માને પરમશાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીએ છીયે.

---

## અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
ચૈત્યવંદન મહાભાષ્ય
જૈન મેઘદૂત સટીક
૪ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૫ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૬ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી
૭ શ્રી કલ્પસૂત્ર–કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમના ધર્મપત્નિબાઇચુનીબાઇનીદ્રવ્યસહાયથી
૮ શ્રી ઉપાસકદશાંગ સૂત્ર ઝુહારીવાળા શેઠ પીતાંબરદાસ પનાજી
૯ સિદ્ધપ્રાભૃત સટીક.
૧૦ ષટ્સ્થાનક સટીક.
૧૧ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૧૨ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૧૩ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ સટીક.
૧૪ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત
૧૫ વિજયદેવસૂરિ માહાત્મ્ય.
૧૬ જૈન ગ્રંથ પ્રસ્તિત સંગ્રહ
૧૭ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૮ ધાતુ પારાયણ
૧૯ શ્રી નંદીસૂત્ર–શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સાથે ઝુહારીવાળ શેઠ મોતીચંદ સુરચંદ તરફથી
૨૦ શ્રી અનુત્તરોવવાઇ–શા. કચરાભાઇ નેમચંદ ખંભાતવાળા તરફથી
૨૧ ગુણમાળા ( ભાષાંતર ) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા–નવસારી.
૨૨ ઉપદેશસપ્તતિકા ( ભાષાંતર )

For Private And Personal Use Only